# પુરાતન
# ખ્રીસ્તી ઇતિહાસમાંની વાર્તાઓ.





ઇગ્નેશીઅસનું મરણ.


સુરતમધ્યે :

ટ્રેક્ટ મંડળીને સારૂ આઇરીશ મિશન છાપખાનામાં છપાઇ

નંગ ૨૦૦૦. ઇ૦ સ૦ ૧૮૯૦ કિમ્મત દોઢ આનો.




સેંટ પ્રીસ્કા બાઈનું મરણ.

# પુરાતન

# ખ્રીસ્તી ઇતિહાસમાંની વાર્તાઓ.

ઉહલહૉર્ન, સાર્જેંટ, હંટ ઇત્યાદિને આધારે રચેલી.

મિ૦ જોસફ રામભાઇએ અંગ્રેજીમાંથી એનો તરજુમો કર્યો છે.



ગ્લાડીએટરો.

સુરતમધ્યે:

આઈરીશ મિશન છાપખાનામાં છપાઈ.

ઇ૦ સ૦ ૧૮૯૦.

# સાંકળિયું.

| | પૃષ્ઠ. |
|---|---|
| પ્રસ્તાવના ... ... ... ... ... ... | ૧ |
| રૂમી રાજ્ય... ... ... ... ... ... ... | ૧ |
| યુરોપમાં જનાર પેહેલા ખ્રીસ્તી ઉપદેશકો... ... ... | ૭ |
| ખ્રીસ્તીઓની સતાવણીઓનાં કારણો ... ... ... | ૯ |
| ધર્મને માટે મરનારનાં વૃત્તાંત ... ... ... ... | ૧૧ |
| ખ્રીસ્તી ધર્મના પ્રસારનાં કારણ ... ... ... ... | ૨૬ |
| કોન્સટનટાઈન, પેહેલો ખ્રીસ્તી બાદશાહ... ... ... | ૨૭ |
| મૂર્તિપૂજા ફરી સ્થાપન કરવાનો જુલીઅનનો યત્ન ... | ૨૯ |
| ગ્લાડીએટરોની લડાઈનું બંધ થવું... ... ... ... | ૩૨ |
| ખ્રીસ્તી ધર્મે યુરોપને માટે શું કર્યું છે ... ... ... | ૩૪ |
| ધર્મને માટે ખ્રીસ્તી મરનારાઓની અસર .. ... ... | ૩૫ |
| હિંદુસ્તાનમાં ખ્રીસ્તી ધર્મનો ફેલાવ ... ... ... | ૩૬ |

# પુરાતન ખ્રીસ્તી ઇતિહાસમાંની વાર્ત્તાઓ.

## પ્રસ્તાવના.

હાલના વખતમાં યુરોપ ખંડની બધી પ્રજા એકજ દેવને કબૂલ કરેછે, એમ હમેશાં નહોતું. એટલું તો સત્ય છે કે પ્રાચીન યુરોપના લોક તેત્રીસ કરોડ દેવદેવીઓનો હક ધરાવતા નહિ. તો પણ ગ્રીસનું મુખ્ય શહેર જે આથેન્સ તેમાં એટલી મૂર્તિઓ હતી કે ત્યાં માણસ કરતાં કોઈ દેવ સહેજ મળી શકે એમ કહેવાયછે. હવે પશ્ચિમના દેશોમાં જે ધર્મ સંબંધીના મોટા ફેરફાર થયા, તેનો કેટલોક હેવાલ આપવામાં આવશે.

## રૂમી રાજ્ય.

ભૂમધ્ય સમુદ્રનો ઉત્તર કિનારો સ્પેન, ફ્રાન્સ, ઇટાલી, ગ્રીસ અને તુર્કસ્તાનના દેશોમાં વેહેંચાએલો છે. અને તેમાં દરેકનું જુદું જુદું રાજ્ય ચાલેછે. અગર સૈકા ઉપર ભૂમધ્ય સમુદ્ર તે રૂમી સરોવર કેહેવાતું. દુનિયામાં સૌથી મોટામાં મોટું રાજ્ય રૂમનું હતું. આટલાંટીક મહાસાગરથી યુફ્રેતીસ નદી સુધી અને ડાન્યુબ નદીથી આફ્રિકાનાં રણો સુધી ફેલાએલો વિસ્તાર હતો. બીજાં રાજ્યોની જમીન અને વસ્તી તેના કરતાં વધી ગએલી છે. પણ એવું કોઈ બીજું રાજ્ય આજ સુધી થયું નથી કે જેમાં તે કાળના જેવી બધી સુધરેલી પ્રજા એકત્ર થઈ હોય. તેની વસ્તી ૧૨૦,૦૦૦,૦૦૦ ની ગણાતી, એટલે કદાપી તે વખતના પૃથ્વીના રેહેવાસીઓનો ત્રીજો ભાગ તે થયો. પ્રાચીન દુનિયાની વચ્ચેના મથકની મધ્યમાં રૂમ આવેલું હતું. ત્યાંથી તે વખતની જાણીએલી દુનિયા રૂમી લોકોએ જીતી હતી, અને તેના ઉપર તેઓ રાજ્ય ચલાવતા હતા. તેઓ સંતોષી લોક નહોતા, પણ લડાઈ કરનારા હતા. અને તે પ્રજા વાતો કેહેનારી નહિ પણ મહા કૃત્યો કરનારી હતી.

જ્યારે ઈ. સ. પૂ. ૨૯ માં રૂમી પ્રજાસત્તાક રાજ્યનો છેડો આવ્યો, ત્યારે તેઓએ દુનિયાની જીત ઘણી-ખરી પુરી કરી હતી. ત્યારે તેઓનો બાદશાહ બધે અધિકારી મનાતો. પેહેલા બાદશાહ આગસ્ટસે રૂમમાં એક સોનેરી સ્તંભ ઉભો કર્યો; તે એવું દેખાડવાને હતો કે, દુનિયાનું મધ્ય તે હિંયાંજ છે. રૂમમાંથી રસ્તાના પાંચ મોટા ફાંટા રાજ્યના છેડા સુધી ચાલ્યા જતા હતા: એ રસ્તા સીધી આલ્પ્સમાંના પર્વતો



રૂમ શેહેર પૂર્વ સ્થિતિમાં પાછું આણેલું.

૨૦ લાખ સુધીની હતી. લોકથી ભરપુર શેરીઓમાં દરેક પેહેરવેશના લોક નજરે પડતા. અને સેંકડો બોલીના મિશ્રિત સ્વર કાને પડતા.

જે પૈસા ઉદ્યોગથી નથી મેળવાતો, તે ઘણું કરીને શાપપાત્ર થાયછે. રૂમમાં એનું પરિણામ એ થયું કે ઘણા લોક ગરીબ સ્થિતિએ પોહોંચ્યા. અને થોડાકના હાથમાં ઘણી દોલત એકઠી થઈ, અને તેથી તેઓ અપાર મોજશોખમાં પડ્યા. મોટી મોટી

ઓળંગીને, અને નદીઓ ઉપર પૂલ બનાવી જતા હતા. પત્થરના કકડા સાથે સાથે ગોઠવીને તે બનાવ્યા હતા. અને તે બધા દોરડાના જેવા હતા, જેથી જીતાએલી દુનિયા મધ્યબિંદુ રૂમની સાથે બાંધેલી હતી.

અસલના રૂમી લોકો ઉદ્યોગી અને કરકસરીઆ હતા. તેઓ જે જમીન ખેડતા, તેનું ધણીપણું પોતે રાખતા. તેઓમાંનો કોઈ રાજ્યમાં ઊંચી પદી ભોગવ્યા પછી ખુશીથી પોતાની ખેતી કરવા પાછો જતો, જીતેલા દેશોનો પૈસા પછીથી રૂમમાં એકઠો થયો, અને લડાઈમાં પકડાએલા બંધીવાનોથી ગુલામોની સંખ્યા વધી ગઈ. વખત જતાં મેહેનત નીચ ગણાવા લાગી અને ગુલામોને માથે પડી. સાધારણ રોજગાર પણ સ્વતંત્ર માણસને માટે અયોગ્ય ધંધો ગણાવા લાગ્યો.

**રૂમ** શેહેર ટાઈબર નદીના કિનારાપર સાત ટેકરીઓ પર આવેલું હતું. પ્રાચીન દુનિયામાં એ સૌથી મોટું શેહેર હતું. એની વસ્તી ૧૦ થી જાગીરો ખરીદતા, અને ત્યાં ગુલામો કામ કરતા. જે લોક વધારે વખત સુધી ગામડામાં પોતાનું પોષણ ના કરી શક્યા, તેઓ રૂમમાં આવી ભરાયા. અને ત્યાં તો સદાવ્રત ચાલતું હતું. મહિનાને ઠરાવેલ દિવસે દરેક નોંધાએલા માણસને ઘઉંના પાંચ માપ મળતા હતા. જુલીઅસ સીઝરના વખતમાં આવા માણસોની સંખ્યા ૩,૨૦,૦૦૦ ની હતી. ચોર અને વ્યભિચારીને બીજાની માફકજ આ દાણો મળતો. હિંદુસ્તાનમાં જેમ રીત વગરનું દાનધર્મ કરવામાં આવેછે, તેમ આથી માત્ર આળસ અને ભુંડાઈને ઉત્તેજન મળતું.

**ગુલામો**:—રૂમની અરધ ઉપરાંત વસ્તી ગુલામોની હતી. તેમને ખરીદતા, વેચતા, અને ઢોરની પેઠે તેમને કામ દેતા. કોઈવાર એકજ દિવસમાં ૧૦,૦૦૦ વેચાતા. દરવાન તુરત કે રાખેલા કુતરાની પેઠે તેઓને આંગણામાં સાંકળે બાંધીને રાખતા; રાત્રે તેઓને ઢોરની [illegible]માં પુરીને બંધ


કરતા. સેહેજ કારણને માટે તેઓને ફટકા મારતા, અને વધસ્તંભે ચઢાવતા. કોઈ કોઈવાર માછલાઓના કુંડમાં માછલીઓના ભક્ષને માટે તેઓને નાંખી દેતા. જ્યારે ઘરડા અથવા રોગી થાય, ત્યારે વારંવાર ટાઈબર નદીના એક બેટ ઉપર તેમને મરીજવા દેતા.

**સાધારણ વર્ગના સ્વતંત્ર લોક :—** હલકી સ્વતંત્ર કોમના લોક ગુલામો કરતાં સેહેજ ઊંચા ગણાતા. તેઓમાંના ઘણાખરા ભીખારી, અને આળસુ હતા. પ્રમાણિક ઉદ્યોગની જીંદગી તુચ્છ ગણીને તેઓ માત્ર રોટલો અને સરકસ (રંગ ભૂમિ)ની રમતોને ઈચ્છતા. જાહેર જગ્યાઓમાં રખડવામાં અથવા પોતાના શેઠોના માનને અર્થે થએલા મેળાવડાના નાચમાં હાજર થવામાં, તેઓ સહવારનો વખત કાઢતા, બપોરનો અને સાંજનો વખત જાહેર હમામમાં મળીને ગપસપ મારવામાં કાઢતા, નાટકશાળમાં અનીતિભરેલાં નાટકો સાંભળતા અથવા રંગભૂમિની ક્રૂર રમતોથી દીલ ખુશ કરતા ; રાત્રે તેઓના કંગાલ ઘરોમાં તેઓ ઘુસી જતા.

**પૈસાદારોનું ઉડાઉપણું :—** થોડાકજ પૈસાથી ધરાઈ જતા. તેમનાં ઘર, કિમતવાન આરસપાહાણથી નકસીદાર, હાથીદાંતથી, ઊંચા જાતનાં લાકડાં અને મોતીની ખુરશીઓ, અને પલંગથી, સુંનાનાં ઘરેણાંથી, અને સુગંધીના વાસણ વીગેરેથી ભરપુર હતાં. નીરો બાદશાહની વહુને એટલી ઘણી ગધેડીઓ હતી કે તેમના દૂધથી તે નાહી શકે ; અને તેની ગાડીને ખેંચનાર ખચ્ચરોને સુંનાથી નાલબંધ કર્યાં હતાં. કોઈવાર એકજ માછલીને માટે હજાર રૂપીઆ જેટલી રકમ આપવામાં આવતી. મોરનાં મગજ, અને બુલબુલ પક્ષીઓની જીભનાં ભોજન પીરસવામાં આવતાં. કોઈવાર દારૂને વધારે મૂલ્યવાન કરવાને તેમાં મોતી ઓગાળતા. નગન છોકરીઓ ભોજન પીરસતી. આવી મોજ શોખ ભોગવવાને લોકો પ્રાંતોની હકુમતને માટે માંગણી કરતા, કે જેથી લોકો પાસેથી જુલમથી પૈસા કઢાવીને પોતાનો ખજાનો ભરે ; તોપણ તેઓ સુખી થતા નહિ.

**બાદશાહ :—** બાદશાહ ઘણી ટોચે હતો. સઘળા મોટા કરતાં તેની સ્થિતિ ઊંચા હતી, તો પણ મારો પ્રાણ એક તાંતણાને આધારે છે એવું જાણીને તથા બધાં નીચથી બીહીને તેને રહેવું પડતું ; તે ધર્મગુરૂ છતાં તે નાસ્તિક હોય, તે વળી દેવ સરખો માનવામાં આવે.

**નાટક અને તમાશા :—** ભિક્ષુક અને આળસુને જેમ રોટલો તેમ લોકને ખરચે રમત ગમત પણ મળતા. નાટકોનાં વ્યભિચારથી ભરપુર વેષ ભજવવામાં આવતા. ઘણાજ ભયભીત સ્વછંદથી નાટકની ખુબી [illegible] અને નાચનારા ઘણા- ખરા પુરા નગન થઈને નાટકગૃહમાં નાચતા હતા. આથી પણ રૂમી લોકની ઇચ્છા તૃપ્ત થતી નહોતી.



રાન પશુઓ સાથેની લડાઈઓ.

લોહીની પણ ઈચ્છા થતી. ખ્રીસ્તની અગાઉ બે સદી ઉપર લડાઈની બાજી દાખલ કરવામાં આવી; અને જલદીથી તેનો તો એક શોખ થઈ પડયો. એક કોલોસીઅમ બાંધવામાં આવ્યું, તે એક મોટું કુંડાળાના આકારનું મકાન હતું. તેમાં આસરે ૮૦,૦૦૦ તમાશગીરો બેસી શકતા. વચ્ચે એક ખુલ્લી જગ્યા હતી, તેમાં કુસ્તી થતી, અને તેની આસપાસ હારો-હાર ઊંચા ચઢતી બેઠકો ગોઠવવામાં આવી હતી. સૌથી નીચેની બેઠકો ઉપર આબરૂદાર પુરૂષો અને સ્ત્રીઓ સુંદર પોષાક પેહેરીને બેસતાં, તેથી ઉપરની બેઠકોમાં બીજા વર્ગના લોક બેસતા, ને ટોચે સાધારણ લોક બેસતા. લોકો હસતા, વાતો કરતા, અથવા જુદા જુદા પેહેલવાન વિષે શરત મારતા.

જે માણસો લઢતા, તેઓને ગ્લાડીએટર્સ એટલે તરવારથી લઢનારા કેહેતા. જો એક જણ સામા-વાળીઆના હાથમાં જીવતો પકડાતો, તો લોકને પુછવામાં આવતું કે એને જીવતો રાખવો, કે મારી-નાખવો. જો લોકો પોતાના અંગુઠા ઊંચા કરે તો તેને જીવતો રેહેવા દેતા, અને જો અંગુઠા નીચા કરે તો તેને મરવું પડતું. કોઈ કોઈવાર તે બીચારો તરવારથી ઘાહીને પાછો હઠતો, ત્યારે લોક ધિક્કારથી બૂમ પાડતા કે "તરવારનો ઘા સહે." પેહેલાં તો લોહી પડતાં લોકોની બૂમો વધી જતી, અને વધારે લોહીને માટે તેઓ ઇચ્છા કરતા. તેઓ ખજુરની ડાળીઓ હલાવતા, અને પોતાની બેઠકો ઉપર ઉભા થઈને ખુશીના પોકાર કરતા. તરફડતા શરીરને એક આંકડાવાળી બૅંચી કાઢતા, અને લોહીને ઢાંકી દેવાને રંગભૂમિ ઉપર રેત પાથરતા, અને ફરીથી રમત શરૂ થતી.

જુલીઅસ સીઝરે એક તમાશો કરાવ્યો હતો, તેમાં ૩૦૦ ગ્લાડીએટર્સની જોડ લઢી હતી. ત્રાજન કરીને એક સૌથી સારા બાદશાહે દશ હજાર માણસને રંગભૂમિમાં ધાલ્યા હતા, અને તેઓએ પાંચ મહિના સુધી પોતાના લોહીથી રેતને ભીંજવી હતી. કોઈવાર સ્ત્રી ગ્લાડીએટર્સ લડતી હતી. જંગલી પશુઓ સાથેની લડાઈઓ ઘણીજ લોકપ્રિય હતી. રૂમ અને બીજાં મોટાં શહેરોની રંગભૂમિને માટે દુનિયાના બધા ભાગોમાંથી તેમને ખોળી લાવતા. એક તહેવારે ૧૦૦ રીંછ અને પાંચશે સિંહ લઢતા હતા. ઈ. સ. ૧૦૬ માં ત્રાજન રાજાએ કરાવેલી ગમતોમાં બધા મળીને જુદી જુદી જાતનાં ૧૧ હજાર પ્રાણીઓ લઢતાં હતાં. કોઈવાર જંગલી પશુઓ એક બીજા સાથે લડતાં હતાં, કોઈવાર શીખાડેલા કુતરા સાથે લડતા અને કોઈવાર માણસ સાથે લડતાં હતા. દરીયાઈ લડાઇ, એ પણ એક રમત હતી. તેમાં વહાણના કાફલા એક બીજા સાથે લડતા હતા. ક્લોડીઅસ રાજાએ એવો એક ખેલ કરાવ્યો હતો, તેમાં ૧૯૦૦૦ લડનારા હતા. આ કાંઇ અમથી લડાઈઓ નહોતી, પણ ખરેખરી લડાઈઓ થતી. જેમાં હજારો માર્યા જતા, અથવા પાણીમાં ડુબી જતા.

ગુન્હેગારને ફાંસી દેતા પણ ગમત ઉપજાવતા. તેમને થાંભલા સાથે બાંધતા, અને જંગલી પશુઓને સોંપી દેતા. વધસ્તંભ ઉપર લટકાવેલા માણસોને રીંછ ચીરીને સાંધે સાંધા જુદા કરી નાંખતા અને લોકો ખુશીના પોકાર કરતા.

**પ્રાચીન યુરોપનો ધર્મઃ**—પ્રાચીન યુરોપના ઘણાખરા રેહેવાસીઓ આર્ય કુળના હતા. જ્યારે પુરાતન આર્યો મધ્ય એશીયામાં સાથે રહેતા હતા ત્યારે એકજ દેવતાનું ભજ... પૂર્વના આર્યોએ

હિંદુસ્તાનમાં આવીને ધીમે ધીમે વેદના દેવોને પડતા કસ્યા. અને પુરાણના દેવોને કબૂલ કસ્યા. અરાઢ સૈકા ઉપર પશ્ચિમના આર્યો પોતાના બાપદાદાના કેટલાક દેવોને રાખી રહ્યા હતા.

પ્રાચીન યુરોપમાં મુખ્ય દેવને ગ્રીકલોક ઝ્યુસપેટર કહેતા, અને રૂમી લોક તેને જ્યુપીટર કેહેતા. વેદમાંનો જે દયાઉસ પીત્ર તે એજ હતો. પણ પોતાની ચાલ વિષે તે તો બીજા દેવોની પેરે પુરાણના દેવોને મળતો આવતો. જ્યુપીટરની વહુ તેની પોતાનીજ બહેન જ્યુનો હતી, અને તે સ્વર્ગની રાણી ગણાતી હતી. તેના પુત્રોમાં એક તો અપોલો, સૂર્યદેવ, વેદમાંનો સૂર્ય, બીજો વલકન, દેવોનો કારીગર, વેદમાંનો ત્વશત્રી, અને મરકયુરી, દેવોનો સંદેશી, તેની છોકરીઓમાં એક મીનર્વા, તે ડાહપણની દેવી ગણાતી, એના



મીનર્વા દેવી.

જન્મનો હેવાલ ઘણોજ વિલક્ષણ છે. જ્યુપીટરની પેહેલી વહુ પોતાના ડાહાપણને લીધે પ્રસિદ્ધ હતી. જ્યુપીટરને એવી ધાસ્તી લાગી કે એ સ્ત્રીનું છોકરૂં રખેને મારા કરતાં મોટું થઈજાય, તેથી તે જ્યારે ગર્ભવતી હતી, ત્યારે તે તેને ખાઈગયો. કેટલીક વખત પછી તેના માથામાં ઘણું દરદ થવા લાગ્યું, તેથી તેણે પોતાના પુત્ર વલકનને માથું ફોડીને ઉઘેડવાનું કહ્યું. ઉમ્મરે આવેલી, અને હથીઆર ધારણ કરેલી મીનર્વા તેના માથામાંથી બહાર કુદી પડી! ડાયાના, જે શીકારની દેવી, તે અપોલોની જોડ બહેન હતી. વીનસ પ્રીતિની દેવી છે. યુરાનસનું લિંગ દરીઆમાં નાંખ્યા પછી, દરીઆના પાણીમાંથી તે ઉત્પન્ન થએલી કેહેવાયછે.

રૂમી લોકને ડાયાના કરીને શિકારની દેવી હતી તે જ્યુપીટરની દીકરી કેહેવાયછે. તેણે અને મીનર્વા, એ બન્નેએ લગ્ન કરવાની ના પાડેલી, એમ કેહેવાયછે. બીજી એક ડાયાના નામની દેવી હતી, તેનું ભજન લધુ એશીઆના એફેસસ શેહેરમાં ચાલતું. એનું મંદિર તે દુનિયાના સાત ચમત્કારોમાંનું એક ગણાતું. ૬૦ ફુટ ઉંચા એવા ૧૨૭ થાંભલાને આધારે તેનું છાપરૂં રહેલું હતું, અને તે ૧૨૭ રાજાએ અર્પણ કરેલું હતું. એફેસીઆની ડાયાના તે હિંદુઓની શક્તિ દેવીને મળતી આવેછે. એની મૂર્ત્તિ આકાશમાંથી પડેલી માનવામાં આવેછે. તે લાકડાની કઢંગી બનાવેલી હતી, અને સ્ત્રીના થાનના આકારથી તે ઢંકાએલી હતી.

ગ્રીક અને રૂમી લોકના મનાતા દેવો હિંદુઓના દેવોના જેવીજ વર્ત્તણુક ચલાવતા. તેઓ એકબીજા સાથે કજીઆ કલહ કરતા, અને બધી જાતના ગુન્હાના તેઓ ગુન્હેગાર થતા. જ્યુપીટર તેના વ્યભિચારને માટે પ્રસિદ્ધ હતો. લોકો તેના દાખલાથી પોતાનાં ભુંડાં કામોનું બહાનું કાઢતા, કે "દેવ કરતાં માણસને

વધારે શક્તિ કેમ હોય?" મરક્યુરી ચારોનો રક્ષક હતો. કરીંથની વીનસ દેવીના મંદિરમાં દક્ષિણ હિંદુસ્તાનની દેવદાસીઓના જેવી એક હજાર વેશ્યાઓ હતી.

લગભગ દરેક શેહેરના રેહેવાસીઓનો એક સ્થાનિક દેવ હતો, કે જેનાથી તેઓ રક્ષણની આશા રાખતા, અને તેનું મોટાપણું કબૂલ કરતા. જ્યારે રૂમી લોકો કોઈ પ્રાંત કે શેહેર જીતી લેતા, ત્યારે ત્યાંના દેવોને રૂમમાં આવીને બેસવાનું આમંત્રણ તેઓ કરતા; તે એ માટે કે ત્યાં તેમને યોગ્ય માન મળે.

બાદશાહોને દેવો ઠરાવવાથી રૂમના ધર્મની ધીમે ધીમે પડતી થએલી દેખાઈ. જુલીઅસ સીઝરને તેના વખતમાં દેવનું માન આપવા લાગ્યા, તેના મરણ પછી વેદીપર તેને યજ્ઞ ચઢાવવા લાગ્યા. તેને દેવ ઠરાવ્યો, અને ઈશ્વરી જુલીયસના નામે તે ઓળખાવા લાગ્યો. આગળ જતાં બાદશાહોની સેવાથી બીજી બધી ભક્તિ ઢંકાઈ ગઈ. રૂમી દુનિયાના ઘણા ભાગોમાં તેમના માનની ખાતર ઘણી ઘણી વેદીઓ અને મંદિરો ઉભાં કર્યાં. સૌથી નીચ જુલમગારોને ધર્મની ભક્તિનાં સાધન કરીને આસનો પર બેસાડતા. નીરોના મરણ પામેલા ચાર મહિનાના બાળકને ઈશ્વરી માન આપવામાં આવ્યું. બધા ભાગોમાંથી પરદેશની ક્રિયાઓ રૂમમાં દાખલ કરવામાં આવી. સીબીલી દેવીના યાજકો બૂમો પાડતા, અને વીખરાએલા વાળ કરીને ગલીઓમાં ફરતા; લોહી નીકળે ત્યાં સુધી ચામડાના પટાથી પોતાને ફટકા મારતા, પોતાનાં કાંસી જોડાં વગાડતા, અને પાનખર ઋતુના રોગ ટાળવાને સો ઇંડાં માગતા. મિસરની ઇસીસ દેવીના ધર્મગુરૂઓ પણ લાંબા શણના ઝભા પેહેરીને ત્યાં આવતા; તેઓ પોતાનાં મોંહ આગળ કુતરાના સરખાં બનાવેલાં મોહોરાં રાખતા, અને પોતાના હાથમાં ઝાંઝર રાખતા. બધી જાતના બાજીગર અને જાદુગર, ભવિષ્યજ્ઞાનીઓ, અને જોષીઓ ત્યાં હતા. સૌથી નીચ જાતની મૂર્તિપૂજા એટલે જડપદાર્થની,—તે પણ ત્યાં માલમ પડતી. નીરો બાદશાહ, આસ્ટાર્ટી દેવીની પૂજાથી કંટાળી ગયો, અને ફરીથી કોઈ દેવની પૂજા તેણે કરી નહિ, અને તેને આપેલું એક તાવીજ અથવા દોરા ચાંડાનું ભજન તે કરતો.

નાસ્તિકપણું, અને સૌથી ભ્રષ્ટ વેહેમ જોડાજોડ ચાલતાં હતાં. જેઓ નાસ્તિક થઈને અહંકાર કરતા, તેઓ છાની રીતે જાદુના મંત્રની ગુપ્ત શક્તિથી કાંપતા અને મારીનાંખેલા બાળકના તરફડતાં આંતરડાં પરથી પોતાનું ભવિષ્ય જોતા. ભવિષ્ય વિષે તેઓનું મન ઉદાસ થતું.

જ્યારે એશીઆના ખ્રીસ્તી ઉપદેશકો રૂમમાં પહેલવેલા ગયા, ત્યારે તેની સ્થિતિ એવી હતી. જે લોકો દેવતાઓની પૂજા કરતા, અને જે દરેક જાતના દુરાચારમાં આગેવાન હતા, તે અથવા જે વિદ્વાનો વેહેમને હસી કાઢતા, અને માર્સ અને જ્યુપીટર દેવોના જેવા અપકર્મ કરતા, એ બેમાંથી કોણ વધારે ભ્રષ્ટ થએલા હતા, એ કેહેવું મુશ્કેલ છે.

આથી થોડા વખતપર ગ્રેટબ્રીટનનો દક્ષિણ ભાગ રૂમી લોકોએ જીતી લીધો હતો, અને તે દેશમાં હારેહાર છાવણીઓ રાખીને તેને કબજે રાખ્યો હતો. ડાન્યુબ નદીની ઉત્તરનાં અને પૂર્વનાં જંગલોમાં જંગલી જાતનાં માણસો વસતા હતા; તેઓએ કદી રૂમી ફોજને પત કરી ન હતી, અને ત્યાર પછી ૫૦૦ વરસે તેમણેજ નાશ પામતા રાજ્યને ટેકો આપ્યો.

તે વખતે પાર્થીઆનું રાજ્ય બળવાન હતું; તેનો વિસ્તાર યુફ્રેતીઅસથી સિંધુ નદી સુધી હતો, અને જો કે બ્રહ્મ ધર્મના ઘણા માનનારા હતા, તો પણ હિંદુસ્તાનમાં બૌદ્ધધર્મનું બળ ઘણું હતું. ચીનમાં હાલની પેઠેજ બાપદાદાની પૂજાનો વહેમ પ્રસરેલો હતો.


# યુરોપમાં જનાર પેહેલા ખ્રીસ્તી ઉપદેશકો.

હજારો વરસ ઉપર આપેલા વચન પ્રમાણે પ્રભુ ઈશુ ખ્રીસ્તે લગભગ ૧૯ મા સૈકા ઉપર અવતાર ધરીને માણસના તારણને અર્થે જન્મ લીધો. કેટલાક વખત સુધી હિયાં ત્યાં ફરીને બોધ કર્યો, અને ચમત્કારી કામો કર્યાં; પછી તે વધસ્તંભ ઉપર મરણ પામ્યો. ત્રીજે દિવસે તે મરેલામાંથી ઉઠયો, અને પોતાના શિષ્યો સાથે થોડાં અઠવાડીઆં રહીને, તે આકાશમાં ચઢી ગયો. પોતાના પસંદ કરેલા અનુસારીઓને તેનો છેલ્લો હુકમ એ હતો કે "તમે જઈને સર્વ દેશનાઓને બોધ કરો." આ હુકમ ધીમે ધીમે પાળવામાં આવ્યો. પેહેલાં તો પશ્ચિમ એશીઆમાં ઘણી તેઓએ મેહેનત લીધી. અને ત્યાં ધર્મમાં પ્રવેશ કરનારાની સંખ્યા ઘણી મોટી થઈ.

યુરોપમાં જનાર પેહેલો ખ્રીસ્તી ઉપદેશક એક યહુદી હતો, તેનું નામ પાઉલ હતું; તે પેહેલાં ખ્રીસ્તીઓનો ખરો સતાવનાર હતો; પણ તેનું બાપ્તિસ્મા થયા પછી, તે ઘણો આગળી ઉપદેશક થયો. આસરે ઈ. સ. ૫૩ માં, પાઉલે હેલેસપોંટની પેલેપાર જઈને પેહેલીજ વાર યુરોપના પર્વતોનાં આસમાની રંગનાં શીખરો દીઠાં. એક માણસનું તેને દર્શન થયું, જે વિનતી કરીને કેહેતો હતો કે "માકેદોનીઆમાં આવીને અમારી સાહે કર" એ આકૃતિ યુરોપની ઉપમા હતી, અને સાહેને માટેની વિનતી તે યુરોપમાં ખ્રીસ્તની જરૂર છે, એમ બતાવતી હતી. પાઉલ ત્રણ સાથીઓને લઈને માકેદોનીઆમાં જવા વહાણે નીકળ્યો, ત્યાં તેઓ બે દિવસમાં ઉતર્યા.

**પાઉલ આથેન્સમાં**:—જગ્યાની તંગાસને લીધે પાઉલની મુસાફરીનું વર્ણન આપી શકાતું નથી; પણ આથેન્સમાં તેના ભાષણનું ટુંક બયાન આપીશું; તે વખતે એ શહેર તત્વજ્ઞાનીઓ, વક્તાઓ, ચિતારાઓ, અને શિલ્પવિદ્યા જાણનારાઓને માટે દુનિયામાં સૌથી વિખ્યાત હતું. મીનર્વા, જેના જન્મનો હેવાલ આપી ગયાછિયે, તે ત્યાં મુખ્ય દેવી મનાતી હતી. તેની હાથીદાંત અને સુનાની મૂર્ત્તિ ૨૯ હાથ ઉંચી હતી. તેના એક હાથમાં ઢાલ, અને બીજામાં જીતની મૂર્ત્તિ, એવી તેને પાડેલી હતી. તેનું મંદિર પારથેનોન કહેવાતું. તે એક સંગેમરમરની બનાવેલી શોભાયમાન ઈમારત હતી. જ્યારે તે શહેરને મૂર્ત્તિપૂજામાં પુરૂં લિપ્ત થયલું દીઠું, ત્યારે પાઉલનો જીવ વ્યાકુળ થયો. રોજ રોજ તે લોકોમાં વાત કરતો આમતેમ ફર્યો. કેટલાક નવા ધર્મ વિષેનું વધારે સાંભળવાનું ઈચ્છીને તેને જ્યાં આથેન્સની મુખ્ય કોર્ટ હતી ત્યાં લાવ્યા.

આથેન્સના લોકો ઘણા ધાર્મિક છે એવું કબૂલ કરીને તેણે પોતાનું ભાષણ શરૂ કર્યું. તેણે કહ્યું કે "જતાં જતાં મેં એક વેદી દીઠી, જે પર એમ લખ્યું છે કે અણજાણીતા દેવને અર્થે. જેને આથેન્સના લોકો જાણ્યા વિના ભજોછો, તેને હું પ્રગટ કરૂંછું." ભવ્ય



પારથેનોન મંદિર. આથેન્સ.

પારથેનોન ઉપર નજર કરીને તેણે કહ્યું કે દેવ હાથે બાંધેલાં મંદિરોમાં રહેતો નથી. તે બધી વસ્તુઓનો ઉત્પન્ન કરનાર છે. અને આપણી પાસેથી તેને કાંઈ કોઈએ એમ નથી. દેવ આપણને જીવન આપ્યું, અને આપણા જીવનું પોષણ તે કરે છે. જેમ કેટલાએક ગ્રીક કવિઓએ કહ્યું છે તેમ "આપણે તેનો વંશ છિયે." આથેન્સના લોક પોતાના દેવોની સુંદર મૂર્તિઓનો ગર્વ કરતા; પણ પાઉલે કહ્યું કે ઘડેલા સોના કે રૂપા, કે પત્થરના સરખું દેવપણું છે, એવો વિચાર તમારે કરવો નહિ.

"દેવનું પિતાપણું," અને "માણસોનું ભાઈપણું" એ વિષે શીખવ્યા પછી, પાઉલે કહ્યું કે અગાઉના સમયો પર દેવે આંખઆડા કાન કર્યા, પણ હવે સર્વ જગ્યામાં સઘળાં માણસોને પસ્તાવો કરવાને તે આજ્ઞા કરે છે. આવનાર ન્યાયકાળ વિષે તેણે કહ્યું, ને વિષે પ્રભુ ખ્રીસ્તને મરણ પામેલામાંથી પાછો ઉઠાડવાથી પ્રમાણ આપ્યું છે. જ્યારે તેઓએ પુનરુત્થાન વિષે સાંભળ્યું ત્યારે કેટલાએકે મશ્કરી કરી, અને બીજાઓએ કહ્યું કે "અમે એ વિષે ફરીથી તારું સાંભળીશું." તો પણ કેટલાકે વિશ્વાસ કર્યો, અને તેમાં એક ન્યાયાધીશ હતો.

## નીરોની સતાવણીઓ અને પાઉલનું મરણ:—

રૂમનો બાદશાહ નીરો તો દુનિયા ઉપર ક્રૂરતાનો એક દૈતજ થઈ ગયો છે. તેનો બાપ અને તેની મા તેમની ભુંડાઈને માટે પ્રસિદ્ધ હતાં. તેની કેળવણીનું કામ બે ગુલામોને સોંપેલું હતું, તેમાંનો એક હજામ અને બીજો નાચનારો હતો. નીરો ઘણોજ સુંદર બાળક હતો, અને તેની મા આગ્રીપીના તેના વિષે ગર્વ કરતી હતી, ને તે બાદશાહ થાય, એવું તે



નીરો બાદશાહ.

ઇચ્છતી હતી. આગ્રીપીનાએ પોતાના કાકા બાદશાહ ક્લોડીઅસને પોતાની સાથે પરણીને તેની છડી બાપડી કરવાનું સમજાવ્યું. પછી પોતાના ધણીને તેણે ઝેર દીધું, એટલે નીરો બાદશાહ થયો. ક્લોડીઅસનો દીકરો બ્રીટાનીકસ જે ગાદીનો ખરો વારસ તેને પણ પછીથી ઝેર દીધું. નીરો પોતાઓ કરીને એક બીજી

બાયડીને પરણ્યો. તે ઘણી સુંદર સ્ત્રી હતી, અને નીરોના એક મિત્રની વહુ પણ હતી, પણ તે ઘણીજ દુષ્ટ હતી. તેણે નીરો ઉપર પૂર્ણ સત્તા મેળવી, અને કેટલાંએક ભુંડાં અપકર્મ કરવાને સમજાવ્યો, તેમાં તેની માનું ખુન પણ કરાવ્યું. થોડા વખત પછી પોપીઆના જ્યારે જણવાના પુરા દિવસ થયા હતા, ત્યારે નીરોએ તેને લાત મારી, અને તેથી તે મરણ પામી.

એક ભયંકર આગ રૂમમાં લાગી, તે કેટલાએક દિવસ સુધી ચાલી, અને શેહેરનો ત્રણ ચતુર્થાંશ ભાગ ખંડેર થઈ ગયો. એવી વાત ઉડી કે નીરોએ એ કર્યું હતું; એમ કેહેવાયછે કે આગની વખતે નટનો પોષાક પેહેરીને ટ્રાય શેહેરના બળવા વિષેની એક કવિતા તેણે લોકમાં કહી સંભળાવી. પોતાની ખુશીને અર્થે નીરોએ દુનિયાની રાજધાનીને આગ લગાડી, એવું માનીને લોકોનાં મન તેની સામે ઘણાં ઉશ્કેરાયાં. એ દૂર કરવાને તેણે એ ગુનાનું જુઠું તોહોમત ખ્રીસ્તીઓ પર નાંખ્યું.

જેમ જેમ ખ્રીસ્તીઓની સાથે વધારે ક્રૂર રીતે વર્તવા લાગ્યો, તેમ તેમ વધારે દોષિત તેમને દેખાડી શક્યો. તેમને દુઃખ દઈને મારીનાંખવાની નવી રીતો શોધી કાઢી. કેટલાકને જંગલી પશુઓનાં ચામડાંમાં સીવી લેતા, અને કુતરાઓ તેમના કકડે કકડા કરીનાંખતા. સ્ત્રીઓને મસ્તાની આખલાની સાથે બાંધતા, અને તેઓ તેમને ઘસડીને મારીનાંખતા. સાંજે નીરોના બાગમાં લોકોને જોવા બોલાવતા. બધે આસપાસ, અંધારૂં દૂર કરવાને, મોટી મશાલો સળગતી હતી. તે તો ખ્રીસ્તીઓ હતા, જેમના ઉપર મીણ અને ડામર ચોપડતા. અને પછી થાંભલા સાથે બાંધતા, અને સળગાવીને પછી મશાલોની પેઠે બાળતા. નીરો ગાડીવાનનો પોષાક પેહેરીને ગાડીમાં બેસી આમતેમ ફરતો, અને લોકો ખુશીથી બૂમો પાડતા. તો પણ પછીથી જે ખ્રીસ્તીઓને સામાન્ય હિતને માટે નહિ, પણ એક માણસની ક્રૂરતાને તૃપ્ત કરવાને મારીનાંખેલા મારવામાં આવ્યા, તેમને માટે દયા ઉત્પન્ન થઈ.

રૂમમાં પ્રથમ કોણ ખ્રીસ્તી ધર્મ લઈગયું, એ જાણ્યામાં નથી. નવા કરારમાં પાઉલનું જે સૌથી લાંબું પત્ર તે એ શેહેરના ખ્રીસ્તીઓ ઉપર લખેલું છે. પેહેલો તે પોતે સાંકળોમાં બંધીવાન થઈને ત્યાં ગયો. તેને કાંઈક વખત સુધી છુટકો મળ્યો, પણ ફરીથી તેને પકડવામાં આવ્યો, અને નીરોએ તેનો શિરચ્છેદ કર્યો.

---

# ખ્રીસ્તીઓની સતાવણીનાં કારણો.

નીરોએ જે પેહેલી ખ્રીસ્તીઓની સતાવણી કરી, તે તો માત્ર જુઠા તોહોમતને ટેકો આપવાને માટેજ હતી. પાછળથી કેટલાક બાદશાહોએ ખ્રીસ્તીઓને જુદાં કારણોને માટે સતાવ્યા, તેનો ખુલાશો હવે કરીશું.

જ્યારે ૧૮૫૮ માં ઈંગ્લાંડની મહારાણીએ હિંદુસ્તાનનો રાજ્યકારભાર પોતાના હાથમાં લીધો, ત્યારે તેમણે એક જાહેરનામું બહાર પાડ્યું હતું કે "પોતાના ધર્મના વિશ્વાસ અથવા ક્રિયાને લીધે કોઈનો પક્ષ કરવામાં આવશે નહિ, કોઈને હરકત કરવામાં આવશે નહિ, અથવા કોઈનું મન દુખવવામાં આવશે નહિ." માત્ર હાલના વખતમાંજ ધર્મ વિષેની છૂટ આપવી તે સરકારની ફરજ છે, એમ ગણાયછે; કેટલાક દેશોમાં તો હજુ સુધી તે વિષે અણજાણપણું છે. પેહેલાં તો એમ ધારવામાં આવતું કે પોતાના દેવનું ભજન લોકો પાસે કરાવવાને રાજાને અખત્યાર છે.

બાબીલનના રાજા નબુખદનેઝરે ઇ. સ. પૂ. ૬૦૦ માં એવું જાહેરનામું પ્રગટ કર્યું હતું કે મેં જે સુંનાની મૂર્ત્તિ ઉભી કરી છે, તેનું ભજન જે કોઇ ના કરે તેને તેજ ઘડીએ આગની બળતી ભઠ્ઠીમાં નાંખી દેવો. મીસેનાસનું નામ હાલ વિદ્વત્તાના ગુરૂ કે રક્ષક તરીકે જાહેરાત થઇ પડ્યું છે, તો પણ તેણે રૂમી બાદશાહ આગસ્ટસને નીચે પ્રમાણે સલાહ આપી હતી. "સર્વ જગ્યાએ, અને સર્વ વખતે તમારા દેશની ક્રિયા પ્રમાણે દેવાની ભક્તિ કરો, અને લોકોને તેજ ભક્તિ કરવાની ફરજ પાડો. જે પારકા ધર્મ દાખલ કરે તેમના ઉપર તમારો ધિક્કાર અને શિક્ષા ચલાવો." મુસલમાની અમલમાં જો કોઇ મુસલમાન ખ્રીસ્તી થાય, તો તેને મારીનાંખતા.

આખા રાજ્યમાં એક સામાન્ય ધર્મ એ હતો કે બાદશાહને દેવ માનીને તેની પૂજા કરવી. લોકો ઘણું કરીને જે દેવોની સેવા કરતા, તેમની સંખ્યામાં એકાદ દેવનો વધારો ખુશીથી કરતા. પણ ખ્રીસ્તીઓની વાત તો જૂદી હતી. એક રૂમી અધિકારીએ એજેશીઅસને કહ્યું કે "બાદશાહને તારૂં આજ્ઞાંકિતપણું સાબીત કરવાને તેના માનમાં અમારી સાથે બળિદાન ચઢાવ." આ ઉપર અજેશીઅસે એવું કહ્યું કે "મારા બાદશાહને માટે હું પ્રભુની પ્રાર્થના કરૂંછું, તો પણ તેને બળિદાનની જરૂર નથી, અને આપણે ચઢાવવાં પણ નહિ. ઇશ્વરનું માન માણસને કોણ આપે?" તેના આવા બોલવાથી તેને મરણની શિક્ષા થઇ. આ એક કામ બધાંનો નમુનો છે. તેના જેવાં બીજાં ઘણાં થયાં.

કેટલાએક ખ્રીસ્તીધર્મને એ માટે નહોતા ચાહતા કે તે તેઓને થતા લાભોની આડે આવતો. ઘણા માણસો મૂર્ત્તિ બનાવવાના અને બળિદાન મેળવવાના ધંધામાં કામે લાગેલા હતા, અને ઘણા મંદિરોમા યાજક જેવા હતા. પણ જેમ ખ્રીસ્તીધર્મ ફેલાતો ગયો તેમ મૂર્ત્તિની ખપત ઓછી થઇગઇ, અને મંદિરોમા યજ્ઞો ઓછા થવા લાગ્યા.

એમ ધારવામાં આવતું કે દેશની આબાદીનો આધાર તે દેશના દેવોની પૂજા ઉપર છે. ખ્રીસ્તીઓને તો કાંઇ મૂર્ત્તિઓ નહોતી; અને તેઓ યજ્ઞ કરતા નહિ; તેથી તેઓ નાસ્તિક જેવા, અને કોઇ પણ ધર્મ વિનાના ગણાતા. દેવોની પૂજા પડતી મુકાઇ છે, માટે ગુસ્સે થએલા દેવતાઓએ ધરતીકંપ, દુકાળ અને મરકાની સતાવણી મોકલી છે, એવું માનવામાં આવતું. દેવોને શાંત કરવાને ખ્રીસ્તીઓનો વધ કરવો, એ સૌથી સરસ સાધન ધારતા. એકદમ એવી બૂમ પાડતા કે "ખ્રીસ્તીઓને સિંહોને સોંપો." એવોજ વિચાર થોડા ઘણા હિંદુસ્તાનમાં પણ ચાલેછે, તીનેવલીમાં ઘણા ખ્રીસ્તીઓ થયા છે, જો ત્યાં કોલેરા ચાલેછે, તો તેનું કારણ એમ સમજવામાં આવેછે કે દેવતાઓની પૂજા હવે નથી થતી, માટે તેઓના ક્રોધનું ફળ આવું થાયછે.

ખ્રીસ્તીઓ વિષે ઘણા ભયભીત ગપાટા ફેલાએલી હતા, એમ કેહેવાતું કે તેઓ તેમની સભાઓમાં હિંદુસ્તાનમાં વામ માર્ગીઓના જેવી ક્રિયાઓ કરીને ગુન્હેગાર થાયછે, અને નાનાં નાનાં બાળકોને મારીનાંખીને ખાઇજાયછે. સૌથી સારા રૂમી લોકો ખ્રીસ્તી ધર્મને "ધિક્કારવાજોગ વેહેમ" જેવો ગણતા, અને તેના અનુસારીઓને "મનુષ્યજાતના દુશ્મન" કેહેતા. જ્યારે પાઉલ પેહેલો રૂમમાં આવ્યો ત્યારે યહૂદીઓ તેને કેહેતા કે "આ પંથ સર્વ જગ્યામા વખોડાએલો છે."

પ્લાઇની જે નાનો કહેવાયછે તે એક મળતાવડો અને ન્યાયી રૂમી છતાં તેને લઘુ એશીઆના બીથુનીઆનો સુબો ઠરાવવામાં આવ્યો, તેને ખ્રીસ્તીઓ ઘણા માલમ પડ્યા. અને તેમની સાથે કેવી રીતે વર્તવું, એ વિષે તેને શંકા ઉપજી. વધારે સ્પષ્ટ ખુલાશો મેળવવાને તેણે બે ખ્રીસ્તી સ્ત્રીઓને વેદનામાં નાંખી. ત્રાજન બાદશાહ પર લખેલા કાગળમાં, તેણે જે માહીતી મેળવી, તેનો તેણે આ રીતે સાર લખ્યો "તેઓ ઠરાવેલ દિવસે પરોઢીઆ પેહેલાં ભેગા થતા, અને ખ્રીસ્તની દેવ તરીકે પ્રાર્થના કરી; પછી એક સત્ય સોગનથી પોતાને બાંધ્યા, તે કોઈ ભુંડા ઇરાદાને માટે નહિ, પણ કદી ઠગાઈ કરવી નહિ, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ, પોતાનું વચન કદી તોડવું નહિ, અથવા કાંઈ આપેલા ભરોસાની વાત જાહેર કરવાનું જો કોઈ કેહે તો પણ તે વિષે ના પાડવી; પછી તેઓ પોતાની રીત પ્રમાણે જુદા પડતા, અને પછી પાછા એકઠા થતા. અને સાથે બેસીને સાધારણ ભોજન જમતા."

જો કોઈ માણસને ખ્રીસ્તી થવાના વાંક માટે પ્લાઈની આગળ લાવતા, અને જો તે પોતાના વિશ્વાસને વળગી રહેતો, તો તેને શિક્ષા કરવાને એકદમ આજ્ઞા કરતો. તે એમ કેહેતો કે "મને એમ લાગેછે કે તેમનો મત ગમે તે જાતનો હોય, તો પણ હઠીલી અને આડી જીદને સમારવી ઘટેછે."

ત્રાજને જવાબમાં જણાવ્યું કે પ્લાનીએ જે કર્યું, તે મને પસંદ પડ્યું છે. ખ્રીસ્તીઓની વચમાં પડીને તેમને ખોળી કાઢવા, એવું તે ચાહતો નહોતો; પણ જો તેમને પ્લાઈનીની આગળ લાવવામાં આવે, અને ખ્રીસ્તને નાકબૂલ ના કરે, તો તેમને સજા કરવામા આવતી.

# માર્ટર્સ (ધર્મને માટે મરનાર)નાં વૃત્તાંત.

માર્ટર, એટલે શાહેદી, એ શબ્દનો અર્થ એ છે કે સત્યની સાક્ષી પુરતાં જે મરણ પામેછે તે; અથવા જે ધર્મના મત છોડી દેવા કરતાં, મરણ સહેછે તે.

કેટલાક અસલના ખ્રીસ્તી સાક્ષીઓનું વર્ણન લ્યાં આપીશું. પેહેલો સાક્ષી સ્તેફન હતો, જેના મરણ વિષે નવા કરારમાં લખેલું છે.

**ઇગ્નાશીઅસ:**—તે પ્રેરિત યોહાનને ઓળખતો હતો, અને પ્રેરિતના મરણ અગાઉ આંત્યોખમાં ૩૦ વર્ષ સુધી મંડળીનો પાળક હતો. સીરીઆના આંત્યોખમાં શિષ્યો પેહેલાં ખ્રીસ્તી કેહેવાયા. ઈ. સ. ૧૦૭ માં ત્રાજન બાદશાહ આંત્યોખમાં આવ્યો. તેણે બધાંને મૂર્ત્તિપૂજકના દેવોની પૂજા કરવાનો હુકમ આપ્યો, અને જે ના પાડે તેને મરણની ધમકી બતાવી. ખ્રીસ્તીઓ તેમ ના કરી શક્યા, અને ઇગ્નાશીઅસને બાદશાહ આગળ લાવવામાં આવ્યો. જ્યારે તેણે કબૂલ કર્યું કે "હું ખ્રીસ્તી છું," ત્યારે એવો હુકમ થયો કે એને બાંધીને રૂમમાં લઈજવો, અને લોકોના તમાશાને માટે જંગલી પશુઓ પાસે એને ફાડીનખાવવો. જ્યારે મરણની શિક્ષા તેણે સાંભળી, ત્યારે ઘણી ખુશીથી તેણે કહ્યું કે "ઓ પ્રભુ, હું તારો ઉપકાર માનુંછું, કે તારા ઉપર તેં મને પૂર્ણ પ્રીતિ આપી છે, અને કે તારા પ્રેરિત પાઉલની પેઠે તેં મને સાંકળોથી બંધાવા દીધો છે." આમ કહી રહ્યા પછી, તેણે પોતે બેડીઓ પેહેરી લીધી. અને પોતાના લોકની સાથે પ્રાર્થના કર્યા પછી, જે સિપાઈઓ

તેને રૂમ લઇજવાના હતા, તેમના હાથમાં પોતાને સોંપી દીધા.

ઇગ્નાશીઅસ જેવા વૃદ્ધ માણસને જમીન અને દરીઆપરની મુસાફરી ઘણી લાંબી અને થાકભરેલી થઇ. જે સિપાઇઓના કબજામાં તે હતા, તેઓ પણ ઘણી ક્રુરતાથી તેની જોડે વર્ત્યા. એમને તેણે ચિત્તાની ઉપમા આપી. તેણે કહ્યું કે "સીરીઆથી રૂમ સુધી હું જમીન અને દરીઆ ઉપર, રાત અને દહાડો, પશુઓની સાથે લડાઇ કરૂંછું. સાંકળવતે હું દશ ચિત્તાની સાથે બાંધેલો છું; તે સિપાઇઓનું ટોળું છે, અને તેઓને વધારે માયા દેખાડવાથી તેઓ વધારે ક્રુર થાયછે."

સ્મર્નામાં તેના વહાલા મિત્ર પોલીકાર્પને જોઇને તે ખુશી થયો. ઘણાં વર્ષ ઉપર જ્યારે બેઉ નાના હતા, ત્યારે તેઓ પ્રેરિત યોહાનના પગ આગળ બેસતા. જ્યારે તેઓએ સાથે બેસીને તે દિવસોની વાતો કરી હશે, ત્યારે તેમનાં મન કેટલાં બળ્યાં હશે. લઘુ એશી-આની મંડળીઓએ પોતાના ખેદ વિષે ઇગ્નાશીઅસને દિલાસો આપવાને, અને તેની છેલ્લા સલાહના શબ્દો સાંભળવાને સ્માર્નામાં માણસો મોકલ્યાં. તેણે તેમના ઉપર કેટલાંક પત્રો લખ્યાં, જે હજુ સુધી જાળવી રાખ્યા છે. પોલીકાર્પે કહ્યું કે "ઇશ્વર એવું કરે કે હું પણ આજ કારણને માટે સહેવાને યોગ્ય માલમ પડું." ઇગ્નાશીઅસે જવાબ આપ્યો કે "ભાઇ, સંદેહ લાવીશ નહિ, કેમકે તારો વખત આવશે, પણ હાલ તો મંડળીને તારી જરૂર છે. એરણ મારથી હાલતી નથી તેમ તું સ્થિર રહેજે."

ઇગ્નાશીઅસે રૂમના કેટલાક ખ્રીસ્તીઓ ઉપર એક પત્ર લખ્યું કે તેનું મરણ અટકાવવાને તેઓ કાંઇ યત્ન ના કરે. તેણે લખ્યું કે "મને જંગલી પશુઓનો ભક્ષ થવા દો, ખ્રીસ્તની સેવાને માટે હું ઘઉં જેવો છું. ખ્રીસ્તની ચોખ્ખી રોટલીરૂપ થઇ શકું, તે પહેલાં રાની પશુઓના દાંતમાં મારે ભુકેભુકા થવું જોઇએ." જ્યારે તે રૂમમાં પોહોંચ્યો, ત્યારે લોકો તેના આવવાની વાટ જોતા હતા, અને તેના મરણને માટે આતુર હતા. જ્યારે તેઓએ નાટકગૃહમાં બેસીને એવું સાંભળ્યું કે તે આવ્યો છે, ત્યારે તેઓએ બૂમ પાડી કે "ખ્રીસ્તીઓને સિંહોને સોંપો." જ્યારે સિપાઇઓ તેને અંદર લઇ ગયા, અને સિંહોને છોડી દીધા, ત્યારે લોકોને પોતાની મરણની તૈયારીનું કારણ તેણે કહ્યું. તેણે કહ્યું કે "જેને મારો આત્મા ઇચ્છેછે, તેની પાસ હું જઇશ. તે જીવનની રોટલી છે. હું તેનો છું; મારો જીવ તેને ઇચ્છેછે; હું તમારી સતાવણીને તુચ્છ ગણુંછું." તે બોલતો હતો એટલામાં બે વિકરાળ સિંહ તેના ઉપર તૂટી પડયા, અને થોડી વારમાં થોડાં હાડકાં શિવાય તેનો ચુરેચુરો કરીનાંખ્યો.

**જસ્ટીન માર્ટર:**— આ ભલો માણસ પાલેસ્ટાઇનમાં જનમ્યો હતો. એનાં માબાપ ગ્રીક હતાં, તેમણે તેને મૂર્તિપૂજા શીખાડી હતી; પણ તેને સારી કેળવણી મળી હતી, જેથી તે વિદ્વાન થયો. જેમ જેમ તે મોટો થતો ગયો, તેમ સત્ય ઇશ્વર વિષે જાણવાને વધારે આતુર તે થયો. આ ઇરાદાથી તે તે વખતના પ્રસિદ્ધ તત્વ જ્ઞાનીઓ પાસે ગયો, પણ જે જ્ઞાન તેને જોઇતું હતું, તે કોઇ પમાડી શક્યું નહિ.

ઇશ્વર વિષે કાંઇ પણ શોધવાના યત્નમાં જસ્ટીન પોતાનો ઘણો વખત એકાંતમાં ગાળતો હતો. એક દિવસે દરિયાને કિનારે તે ફરતો હતો, ત્યારે પાકું



જસ્ટીન તથા એક ડોસો.

ફરીને જોયું તો એક વૃદ્ધ માણસ તેની પાછળ આવતો તેણે દીઠો. તે ઘણો ગંભીર પણ ઘણો માયાળુ દેખાયો, અને જલદીથી તેઓ વાત કરવા લાગ્યા. સૌથી વિશેષ શું શીખવું હતું, તે જસ્ટીને તેને કહી દીધું, અને તે ડોસાએ ભવિષ્યવાદીઓ વિષે, અને તેમણે જે શીખવ્યું હતું તે વિષે, અને ખ્રીસ્ત વિષે તેઓએ કેવી આગમવાણી કરી હતી, તે વિષે તેને કહ્યું. પછી તેને કહ્યું કે "બધા ઉપરાંત, તારા પોતાને સારૂ પ્રાર્થના કર કે જીવનનો દરવાજો તારે માટે ઉઘેડાય, કારણ કે દેવ અને તેનો ખ્રીસ્ત માણસને આ વાતોનું જ્ઞાન આપે નહિ, ત્યાં સુધી તે સમજી શકાય નહિ." આ પછી તે ચાલ્યો ગયો, અને જસ્ટીને ફરીથી તેને દીઠો નહિ; પણ જે તેણે સાંભળ્યું હતું, તે વિષે તેણે ઘણો વિચાર કર્યો અને તે વિષે શીખવાને તેણે યત્ન કર્યો. પછી જે ખ્રીસ્તીઓ હતા, તેમના વિષે તે વધારે લક્ષ આપવા લાગ્યો; અને જ્યારે ખ્રીસ્ત ઉપરની પ્રીતિને માટે તેમને ઘણી ધીરજથી વેદના અને મરણ પણ વેઠતા દીઠા, ત્યારે તેણે ધાર્યું કે ખ્રીસ્તી ધર્મ ખરેખર ખરો છે. કેટલાક વખત પછી તે પણ ખ્રીસ્તી થયો. પેલા ડોસાએ જે કહ્યું હતું, તે સમજવાને દેવના પવિત્ર આત્માએ તેને શક્તિ આપી. ખ્રીસ્તમાં તારણની ઇચ્છા તેણે રાખી, અને આ વખતથી પોતાના આખા હૃદયથી તેના ઉપર પ્રીતિ કરવા, અને તેને ભજવા લાગ્યો.

સુવાર્તા પ્રગટ કરવાનો જસ્ટીને નિશ્ચય કર્યો. આ ઇરાદાથી રૂમી રાજ્યના મુખ્ય દેશોમાં તે મરણ સુધી થાકને ન ગણકારીને ફર્યો. સૌથી વિશાળ અને ચિત્ત હરણ કરનારી જગ્યા રૂમમાંજ હતી. ત્યાં તે ઘણો લાંબો વખત રહ્યો, જસ્ટીને ખ્રીસ્તીઓને માટે બે વિનંતીપત્ર લખ્યાં છે, જે હજુ સુધી સાચવી રાખ્યાં છે. પહેલું બાદશાહ એન્ટોનીનસ પાયસ પર લખેલું છે. તે વખતે એશીઆમાં દુકાળ હતો, અને ધરતીકંપ થતા હતા. લોકો અજ્ઞાનતાથી ધારવા લાગ્યા કે આ આફતો ખ્રીસ્તીઓના કારણથી આવી પડી છે, અને તેથી ઘણાકની સાથે ક્રુર વર્તણુક ચલાવવા લાગ્યા. જસ્ટીને બતાવી આપ્યું કે તેઓ નાસ્તિક નથી. અને જે ધિક્કારનાં તહોમત ખ્રીસ્તીઓપર મુકવામાં આવે છે, તે વિષે તેઓ ગુન્હેગાર નથી, અથવા તેઓ રાજ્યના શત્રુ નથી. ખ્રીસ્તી ધર્મ ખરેખર શું છે, તે તેમાં સમજાવેલું હતું. જસ્ટીનનું બીજું વિનંતીપત્ર બાદશાહ માર્કસ ઓરેલીઅસ પર લખેલું હતું. પણ તે કાંઇ ઉપયોગનું થયું નહિ; ખ્રીસ્તીઓને હજુ પણ સતાવતા, અને થોડીવાર પછી તેને પોતાને પણ દુઃખ સહેવું પડ્યું. જસ્ટીન અને બીજા છ જણને રૂમના અધિકારી રસ્ટીકસની આગળ લાવવામાં આવ્યા; તેણે જસ્ટીનને

દેવતાને માનવાનું સમજાવ્યું. જસ્ટીને તેને કહ્યું કે ખ્રીસ્તના હુકમોને માનવા જોઈએ. પછી અધિકારીએ તેને તેની વિદ્યા વિષે પૂછ્યું; અને જસ્ટીને તેને કહ્યું કે દરેક જાતની વિદ્યા મેં અજમાવી છે, પણ જ્યાં સુધી હું પ્રભુ ઈસુ ખ્રીસ્ત વિષે શીખ્યો, ત્યાં સુધી કશાથી મને સંતોષ થયો નહિ. અધિકારીએ કહ્યું કે "દુષ્ટ, તું એ ધર્મથી મોહ પામ્યો છે?" જસ્ટીને કહ્યું કે "હા, હું પામ્યો છું; હું તેઓના મત પ્રમાણે ચાલુંછું, અને એમનો મત ખરો છે." પછી તેણે સત્ય ઈશ્વર વિષે, અને તેના દીકરા ઈસુ ખ્રીસ્ત વિષે, અને તેથી તારણનો માર્ગ છે તે વિષે ખ્રીસ્તી લોક શું માનેછે, તે અધિકારીને કહ્યું. અધિકારીએ પૂછ્યું કે ભજન કરવાને તમે ક્યાં એકઠા થાઓછો? જસ્ટીને કહ્યું કે અમે ક્યાં એકઠા થઈએ, એ વિષે કાંઈ દરકાર નથી, કારણ કે પરમેશ્વર સર્વ જગ્યાએ છે, અને તેથી જ્યાં બનીશકે ત્યાં એકઠા થઈએછીએ. અધિકારીએ પછી તેના છ સાથીઓ તરફ ફરીને તેમને સવાલ કર્યા અને ફરીથી જસ્ટીનને કહ્યું કે "ત્યારે તું તો ખ્રીસ્તીજ છે?" જસ્ટીને જવાબ આપ્યો કે "હા, હું છું." આજ સવાલ એક પછી એક સાથીઓને પૂછ્યો. તેમાંનો એક ગુલામ હતો, તેને જ્યારે અધિકારીએ મશ્કરીમાં પૂછ્યું કે "અને તું કોણ છે?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "હું સીઝરનો ગુલામ છું, પણ ખ્રીસ્તી છું; ખ્રીસ્ત ઈસુએ મને છુટો કર્યો છે, અને ઈશ્વરની કૃપાથી, જેટલાને તમે ત્યાં જુઓછો, તેમની આશાનો સહભાગીદાર છું.

પછી ફરી જસ્ટીનને અધિકારીએ કહ્યું કે "જો હું તને માથાથી પગ સુધી ફટકા મરાવું, તો શું તું ધારેછે કે તું સ્વર્ગમાં જઈશ?" જસ્ટીને કહ્યું કે "તમારા કહ્યા પ્રમાણે જો હું સહીશ, તો મને આશા છે કે જેમણે ખ્રીસ્તની આજ્ઞા પાળી છે, તેમને જે મળ્યું છે, તે હું પામીશ; કારણ કે હું જાણુંછું કે જેઓ આ રીતે જીવ્યા છે, તેઓને માટે જગતના અંતસુધી દેવની કૃપા રાખેલી છે. અધિકારીએ કહ્યું કે "તું એમ ધારેછે કે તું આકાશમાં ચઢી જઈશ, અને ત્યાં તને બદલો મળશે." જસ્ટીને કહ્યું કે "હું એમ જાણુંછું, અને એ વિષે મને એટલી ખાતરી છે કે તે વિષે હું બીલકુલ શક લાવતો નથી."

અધિકારીએ તેમને દેવોને યજ્ઞ ચઢાવવાનું સમજાવ્યું; પણ બધાએ કહ્યું કે નહિ; અમે ખ્રીસ્તી છીએ, અને મૂર્ત્તિઓને યજ્ઞ નહિ ચઢાવીએ. તેણે તેમને કહ્યું કે જો તમે એમ નહિ કરો તો દયા વગર તમને રીબાવીશું; પણ એ સાંભળીને તેઓ ખુશી થયા, અને એમ કહેવા લાગ્યા, કે ખ્રીસ્તને લીધે સહેવાને અમે ઘણાજ ખુશી છીએ. પછી અધિકારીએ એવો હુકમ કર્યો કે તેમને કોરડા મારવા, અને પછી શિરચ્છેદ કરવો. તેથી જસ્ટીન અને તેના સાથીઓને શિક્ષા કરવાની જગ્યાએ લઈ ગયા. પણ તેઓ જતા હતા, ત્યારે તેઓ ખુશી થતા હતા, અને ઈશ્વરને ધન્ય કેહતા હતા, કારણ કે તેમનાં અંતઃકરણ ખ્રીસ્તની પ્રીતિથી ભરેલાં હતાં; અને ત્યાં તેઓ કત્તલ થયા. કેટલાક ખ્રીસ્તીઓ આવીને તેમનાં મુડદાં લઈગયા, અને તેમને દાટી દીધાં.

**પોલીકાર્પ:**—લઘુએશીઆના પશ્ચિમ કિનારા પર સ્મર્નાની મંડળીનો તે અધ્યક્ષ હતો. જ્યારે તે જુવાન હતો, ત્યારે પ્રેરિત યોહાનને, અને જ્યારે પ્રભુ ઈસુ ખ્રીસ્ત દુનીઆમાં હતો, ત્યારે જેમણે તેને જોયો હતો, અને તેની સાથે વાત કરી હતી, એવા ઘણાને

તે ઓળખતો હતો. તેમની પાસેથી ખ્રીસ્ત વિષે, અને તેના ચમત્કાર અને બોધ વિષે તેણે જે સાંભળ્યું હતું તે વાતો, અને કામેશ લોકોને કહી સભળાવતો.

જ્યારે બાદશાહ માર્કસ ઓરેલીઅસના દહાડામાં સતાવણી જાગી, ત્યારે તે ઘણો ઘરડો હતો, અને ઘણાં વર્ષ થયાં સ્મર્નાનો અધ્યક્ષ હતો. ઘણા ખ્રીસ્તીઓને પોલીકાર્પની આગળ મારીનાંખવામાં આવ્યા. તેઓને કોરડા મારતા, ઝીણી અણીવાળા શંખલા ઉપર સુવાડતા, તેમનું માંસ છુંદાય, અને ચારાઈજાય માટે જમીનમાં ખોસેલા, ભાલાની અણીઓ પર નાંખતા, અને પછી જંગલી પશુઓની આગળ નાંખી દેતા. પણ તે બધું તેઓ ધીરજથી સેહેતા, જેથી તેમના ક્રૂર સતાવનારાઓ વધારે ને વધારે ગુસ્સે થતા, અને બોલી ઉઠતા કે "આ દુષ્ટોનો નાશ કરો! પોલીકાર્પને શોધી લાવો."

પોલીકાર્પની શેહેરમાં રહેવાની મરજી હતી. પણ તેના મિત્રોએ તેને શેહેર બહારની એક જગ્યામાં જવાનું સમજાવ્યું. તેની શોધમાં નીકળેલા સિપાઈઓએ ત્યાંના બે છોકરાને રીબાવ્યા, પછી એક છોકરાએ પોલીકાર્પ જ્યાં સંતાયેલ હતો, તે જગ્યા બતાવી દીધી. જ્યારે તેણે સાંભળ્યું કે તેઓ આવ્યા છે, ત્યારે તેણે શાંત રીતે કહ્યું કે "ઈશ્વરની ઈચ્છા પ્રમાણે થાય." તેણે પેલા સિપાઈઓને કાંઈ ખાવાનું આપવાનું કહ્યું, અને પોતે પ્રાર્થના કરવા લાગ્યો.

તેણે એટલી આતુરતાથી પ્રાર્થના કરી, અને તે એટલો સુખી દેખાવા લાગ્યો કે પેલા ક્રૂર સિપાઈઓને પણ તેને લીધે દિલગીરી ઉપજી. જ્યારે સિપાઈઓ તેને શેહેરમાં લઈજતા હતા, ત્યારે એક અમલદાર તેને સામો મળ્યો; તેણે તેને પોતાની



પોલીકાર્પનું મરણ.

ગાડીમાં બેસાડ્યો, અને તેને ખ્રીસ્તને તજી દેવાનું સમજાવવા લાગ્યો. જ્યારે અમલદારે જોયું કે મારૂં કાંઈ ચાલતું નથી, ત્યારે તે ઘણો ગુસ્સે થયો; અને અપશબ્દો બોલીને, પોતાની ગાડીમાંથી તેને ધકેલી કાઢ્યો, જેથી તે પડીગયો, અને તેના એક પગને વાગ્યું. પછી જ્યાં જાહેર ગમતો થતી હતી, તે જગ્યાએ તેને લઇ ગયા. ત્યાં લોકોનું ટોળું બૂમો પાડતું હતું, અને ઘણી ગડબડ કરી મુકી હતી.

પછી અધિપતિ બોલવા લાગ્યો, અને ખ્રીસ્તનો ત્યાગ કરવાનું સમજાવવા લાગ્યો કે "તારી વૃદ્ધાવસ્થાનો વિચાર કર; સીઝરના સોગન તું ખા; પસ્તાવો કર; અને એમ કહે કે "જે દેવોનો ત્યાગ કરેછે, તેમને દૂર કરો!" પણ તેણે એકઠા થએલા લોક ઉપર નજર કરીને અને નિસાસો નાંખીને કહ્યું કે "જે દેવ વિનાના તેઓને દૂર કરો." ફરીથી ન્યાયાધીશે તેને સમજાવતાં કહ્યું કે "સોગન ખા, અને હું તને છોડીશ, ખ્રીસ્તનું ભુંડાપણ કર." પોલીકાર્પે જવાબ આપ્યો કે "એંશી અને છ વર્ષ થયાં હું તેની સેવા કરૂંછું, અને તેણે મને કદી દુખાવ્યો નહિ, અને હવે મારા જે રાજાએ મારો ઉદ્ધાર કર્યો છે, તેનું ભુંડાપણ હું કેમ કરૂં?" પછી તેને કહ્યું કે જંગલી પશુઓની આગળ તને નાંખી દઇશું. તેણે જવાબ આપ્યો, કે "તેમને બોલાવો," અધિપતિએ કહ્યું કે "જો તું પશુઓને નહિ ગણકારે, અને તારૂં મન નહિ બદલે, તો તને અગ્નિથી બાળી નંખાવીશ." પોલીકાર્પે કહ્યું કે "જે અગ્નિ થોડીવાર સુધી બળેછે, તેની ધમકી તમે મને આપોછો, પણ જે સર્વકાળીક અગ્નિ દુષ્ટોને માટે તૈયાર કર્યો છે, તે વિષે તમે જાણતાં નથી." જાહેર ગમતની જગ્યામાં લોકોને જાણાવવાને એક એપીએ મોકલ્યો કે "પોલીકાર્પે એમ કબૂલ કરેછે કે હું ખ્રીસ્તી છું." પછી બધા બોલી ઉઠયા, કે "એ તો પેલા એશીઆનો ઉપદેશક છે, ખ્રીસ્તીઓનો બાપ અને આપણા દેવોનો નાશ કરનાર છે. ઘણા લોકને મૂર્તિપૂજા ના કરવાનું શીખવેછે. તેના ઉપર સિંહને છોડો." પણ અધિપતિની મરજી સિંહ છોડવાની નહોતી. પછી તેઓએ એવું માગ્યું કે એને જીવતો બાળવો, અને ઘણી ઉતાવળથી તેઓ દુકાનોમાંથી અને હમામમાંથી લાકડાં અને પરાળ એકઠાં કરવા લાગ્યા. જ્યારે તેને ખીલાથી થાંભલાં સાથે જડી દેવાનું કરતા હતા ત્યારે તે બોલ્યો કે "મને આ રીતેજ રહેવા દો; કારણ કે જે મને અગ્નિ સેહેવાનું બળ આપેછે, તે મને ચિતા ઉપર સ્થિર રહેવાની પણ શક્તિ આપશે;" તેથી માત્ર તેઓએ તેને બાંધ્યો, પછી તેના હાથ જાણે બાંધ્યા હોય, તેમ પાછળ વાળીને તેણે પ્રાર્થના કરી કે;—"વહાલા, અને ધન્ય દિકરા ઇસુ ખ્રીસ્તના બાપ, જેને આસરે અમે તારૂં ગ્યાન પામ્યાછીએ; દૂતો, અને આત્મિક પ્રાણીઓ, આખી સૃષ્ટી, અને જે ન્યાયીનું કુટુંબ તારી હજુર રહેછે, તે બધાંના દેવ; હું તને ધન્ય માનુંછું કે તારા સાક્ષીઓની સંખ્યામાં અને ખ્રીસ્તના વાટકામાં ભાગ લેવાને અનંત જીવનના પુનરૂત્થાનને વાસ્તે આ દિવસ અને આ ઘડીએ તેં મને યોગ્ય ગણ્યો છે; તેમની સાથે આજે મારૂં તારી નજરમાં ઉત્તમ અને યોગ્ય અર્પણ અંગીકાર થાય. આ વાતને લીધે, અને બધાં વાનાંને લીધે સર્વકાળીક પ્રમુખ્ય યાજક જે ઇસુ ખ્રીસ્ત તેને લીધે હું તારૂં સ્તોત્ર કરૂંછું, તને ધન્ય માનુંછું, અને તારો મહિમા કરૂંછું. તારા વ્હાલા દિકરાને આસરે હમણાં અને સદાકાળ સુધી પવિત્ર આત્માની સાથે તારો મહિમા થાય. આમેન."

પછી અગ્નિ સળગાવ્યો; પણ પવનથી તેના પરથી ભડકો હઠીગયો, જેથી તે બળ્યો નહિ, અને મારનારે તેના શરીરમાં એક તરવાર ભોંકીને તેને મારીનાંખ્યો. પોલીકાર્પના મરણ પછી એશીઆમાં કેટલાક વખત સુધી સતાવણી બંધ પડી.

**સ્ત્રી સાક્ષીઓ (ધર્મને લીધે મરનાર સ્ત્રીઓ):**—જેવી સ્થિતિ સ્ત્રીઓની હાલ હિંદુસ્તાનમાં છે, લગભગ તેવીજ પ્રાચીન યુરોપમાં તેમની હતી. ગ્રીસમાં તેમની કેળવણી વિષે થોડી કાળજી રાખવામાં આવતી. લગ્ન પહેલાં તેમને એકાંતમાં અને કબજાતળે રાખતા. લગ્ન પછી, તેઓ પોતાનો ઘરસંસાર ચલાવતી, પણ તેઓના ઓરડા તેમના ધણીઓના ઓરડાથી જુદા હતા. અને પોતાનું ઘર મુકીને ભાગ્યેજ કંઈ જતી. રૂમમાં વહુની સ્થિતિ ઘરકુટુંબમાં જરા ઊંચી હતી. રૂમી લોકો એવો અહંકાર કરતા કે તેમના ઇતિહાસનાં પહેલાં પાંચ સૈકા સુધીમાં ફારગતીનો એક દાખલો બન્યો નથી. તો પણ જેમ હિંદુસ્તાનમાં તેમ રૂમમાં સ્ત્રી કદી સ્વતંત્ર થઇ શકી નહિ. દીકરી તરીકે તેના બાપના કબજામાં રહેવું પડતું, અને વહુ તરીકે તેના ધણીના હાથતળે તે રહેતી; અને ધણી નજીવી કસુરોને લીધે પણ તેના જીવ ઉપર યોગ્ય તે અધિકાર ચલાવતો. રૂમી રાજ્યમાં ફારગતીના તો સેંજ દાખલા બનતા. અને પુરૂષ કરતાં સ્ત્રીઓ તેનો ઉપયોગ વધારે કરતી. એક સ્ત્રી વિષે લખેલું છે જેણે પાંચ વર્ષમાં આઠ ધણી કર્યા. નીરોના શિક્ષકે એમ લખ્યું હતું કે "એવી કેટલીએક કુળવાન સ્ત્રીઓ છે કે જેઓ પોતાનાં વર્ષ પોતે કરેલા ધણીઓથી ગણે છે."

ખ્રીસ્તી ધર્મની તરત જે અસર થઇ તે એ કે સ્ત્રીની હાલતમાં ઘણો સુધારો થયો. તે હવે માણસની ગુલામ અથવા રમકડા જેવી રહી નહિ, પણ તેનો મંત્રી અને મિત્ર થઈ. તેની સ્વભાવીક સાલસાઇ અને નમ્રતા તે હવે દૃઢતા અને ઉત્સાહ સાથે જોડાઈ ગઈ. ઊંચી આત્મિક મહત્વતાની ખરી કિંમત કરતી તે જણાઈ, અને જેઓને બુરાઈના સાથે વિકરાળ લડાઈ ચલાવીને સાજે થવાનું હતું, તેમને તેઓ પોતાની દીલસોજીથી ટેકો આપવા લાગી. તે કરતાં વિશેષ એ કે સ્ત્રીઓ સૌથી મોટી દુનીયાઈ છુટની ભાગીદાર થઇ, એટલે પોતાના તારનાર અને પ્રભુને લીધે પોતાનો જીવ આપવા લાગી. એક પ્રાચીન ખ્રીસ્તી ગ્રંથકાર, અસલના ખ્રીસ્તીઓ કેવી રીતે ધીરજથી તેના માટે મરણ સહે છે, તે વિષે લખતાં કહે છે કે "સ્ત્રીઓજ પુરૂષના જેવી બહાદુર છે; અને તેમાંની ઘણી એવુંજ યુદ્ધ ચલાવીને દૃઢતાનો અને સદ્ગુણનો બદલો લે છે. એક મૂર્તિપૂજક વકતાએ એવું કહ્યું હતું કે "અરે ગ્રીસના દેવો, પેલા ખ્રીસ્તીઓમાં કેવી સ્ત્રીઓ છે!"

આ પુસ્તકના પહેલા પૃષ્ઠમાં જે ચિત્ર છે તે કાર્થેજ શહેરના એક ઊંચ કુળની સ્ત્રીનું છે. તે સુંદરતાને માટે પ્રખ્યાત હતી. તેણીએ ખ્રીસ્તી ધર્મનો ત્યાગ કરવાને ના કહી માટે તેને થાંભલા સાથે બાંધીને જીવતી બાળી નાંખી.

**પરપેટુઆ:**—એ એક કાર્થેજ શહેરની જુવાન પરણેલી સ્ત્રી હતી. તેને એક નાનું બાળક હતું, અને તેના ઉપર તે ઘણો પ્યાર કરતી. તેને અને બીજાં ચાર જણને ખ્રીસ્તી થવાને લીધે કેદખાનામાં નાંખ્યાં. તેનો બાપ તેના ઉપર ઘણી પ્રીતિ રાખતો,

અને તેણીને સારૂ ઘણો દીલગીર થયો. તે પોતે ખ્રીસ્તી નહોતો, અને તેણી પણ ખ્રીસ્તી મટીજાય એવું તે ચાહતો હતો, જેથી તે મારીનખાવાની શિક્ષાથી બચી જાય. જ્યારે તે તેને મળવાને બંદીખાનામાં ગયો ત્યારે પરપેટુઆએ તેને કહ્યું કે, હું પોતાને ખ્રીસ્તી સિવાય બીજું કાંઈ કહી શકતી નથી. એ સાંભળીને તેના તરફ તેનો બાપ જુસ્સાભેર ધસ્યો, જાણે કે આમાણાં તેની આંખો ખોતરી કાઢશે; પણ તે એવી શાંત રીતે ઉભી રહી, કે તે તેને કાંઈ પણ હરકત કરી શક્યો નહિ.



પરપેટુઆ તથા તેનો બાપ.

તપાસ કરવાને આગલે દિવસે પરપેટુઆનો બાપ ફરીથી તેને જોવા ગયો. તેણે તેને વિનંતી કરીને કહ્યું કે મારા ઘરડાપણા ઉપર તું દયા લાવ, અને ખ્રીસ્તી રહીને તથા મારીનંખાઈને મારા ઉપર કલંક ના લાવ. તેણે તેની આગળ પોતાને નમાવ્યો, તેના હાથને ચુંબન કર્યું, તેના પગ આગળ તે પડ્યો, અને દીકરીને બદલે તેને બાઈ કહી. તેનો આટલો શોક જોઈને તે ઘણી દુઃખી થઈ, પણ એટલુંજ બોલી શકી કે "અમારા વિષે દેવની મરજી પ્રમાણે થશે."

બીજે દિવસે તેને અને તેના સાથીઓને ન્યાયાધીશની આગળ લાવ્યા, અને લોકોનું મોટું ટોળું તેમને જોવાને આવ્યું; જ્યારે બધાંને પૂછવામાં આવ્યું, ત્યારે તે બધાંએ કબૂલ કર્યું કે અમે ખ્રીસ્તપર પ્રીતિ કરીએછીએ. જ્યારે પરપેટુઆને પૂછવાનો વારો આવ્યો, ત્યારે તેનો બાપ તેની પાસે આવ્યો, અને તેની સાથે તેનું બાળક પણ લેતો આવ્યો, અને ફરીથી તેની આજીજી કરતાં કહ્યું કે ખ્રીસ્તી રહીને આનાપર (બાળક પર) તું દુઃખ ના લાવીશ. ન્યાયાધીશે પણ દેવોને બળિદાન ચઢાવવાનું તેને સમજાવ્યું; પણ તેણીએ ના પાડી. પછી ન્યાયાધીશે પૂછ્યું કે "તું ખ્રીસ્તી છે.?" તેણે કહ્યું કે "હા, હું છું." તેના બાપે પછી તેને પોતાની સાથે લઈજવા માંડી, પણ ન્યાયાધીશે તેને તેમ ના કરવા દીધું, અને તેને (બાપને) માર મારવાનો હુકમ કર્યો: આથી પરપેટુઆને વિશેષ દુઃખ થયું, કેમકે તેની વૃદ્ધાવસ્થામાં તેને એમ કરવામાં આવે, એ તેનાથી સહી ના શકાયું. પણ જો કે તેને દુઃખ પડે તેના કરતાં પોતે માર ખાવાને રાજી હતી, તો પણ તે ખ્રીસ્તને તજી શકી નહિ.

ન્યાયાધીશે એવી શિક્ષા કરી કે તેમને જંગલી પશુઓને સોંપવાં, તેથી થોડા વખત સુધી તેમને પાછા બંદીખાનામાં લઈગયા. પરપેટુઆએ પોતાના બાળકને જોવાને ઇચ્છ્યું, પણ તેના બાપે તેને જોવા દીધું નહિ. તે બધાને ઘણી ક્રૂર રીતે દુઃખ દીધું, અને તેઓમાંનું એક જણ બંદીખાનામાં મરણ પામ્યું. પણ તેઓ

મરણ ભોગવવાનાં હતાં, તેને આગલે દિવસે, તેમના મિત્રોને તેમની મુલાકાત લેવાની રજા મળી. તેમને તેમણે કહ્યું કે અમે ઘણાં સુખી છીએ, અને જેઓ ત્યાં હાજર હતા, તેમાંના કેટલાક ત્યારથી ખ્રીસ્તી થયા.

બીજે દિવસે તેઓને ગમતશાળામાં લઈ ગયા. પરપેટુઆને અને ફેલીસીટાસ નામની એક જુવાન ગુલામ સ્ત્રીને જાળમાં ઘાલીને એક ઝનુની ગાયની આગળ નાંખી દીધી. તેણે તેમને ઉંચા કરીને ક્રૂર રીતે માથાં માર્યાં. પરપેટુઆને ઘણું દુઃખ થયું. કારણ કે મારનારે તેને મારીનાંખી તે પહેલાં ઘણી જગ્યાએ તેને ઘા કર્યા. તે પોતે મારનારનો હાથ પોતાના ગળા ઉપર લાવી, અને જે તારનાર ઉપર તે પ્યાર રાખતી તેની કને આનંદથી પોહોંચીગઈ.

## ફેલીસીટાસ અને તેના સાત દિકરાઃ—

મૂર્ત્તિપૂજક ધર્મોપદેશકોએ પોતાની સભાઓમાં એવું નક્કી કર્યું કે "ફેલીસીટાસનો નમુનો ઘણો ભયકારક છે. અને તેની પાસે યજ્ઞ કરાવવો જોઈએ." અને એ વિષે તેઓએ બાદશાહ પર એક પત્ર લખ્યો.

તે વખતે ફેલીસીટાસ, જે એક રૂમી વિધવા હતી, તે લોકોને પોતાથી જે લાગણી થઈ તે વિષે પુરી અજાણી હતી. તે શાંત રીતે પોતાની સારી ખ્રીસ્તી જીંદગી કાઢતી હતી, અને પોતાના દિકરાઓને એવો બોધ આપવામા લાગુ રહી હતી, કે 'એકજ દેવ છે, તેણે પોતાના એકનાએક દિકરા, નાઝરેથના ઈસુને આપણા છુટકાને અર્થે વધસ્તંભે જડાવાને આપ્યો.' તેની ચાલ અને સ્વભાવની એવી અસર થઈ કે તેના ઘણા પાડોશીઓએ જૂઠા દેવોની પુજા મૂકી દીધી, અને ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો.

એક દિવસ તે પોતાનો નિત્યનો ધંધો શાંતિથી કરતી હતી, એટલામાં એક સિપાઈની ટોળી, તેના ઘરમાં એકાએક પેઠા, અને તેને અને તેના છોકરાઓને પકડ્યાં અને તે વખતના રૂમના અધિકારી પબ્લીયસની પાસે તેમને લઈગયા.

પબ્લીયસ કાંઈ દયાળુ માણસ હતો, અને તેના જેવી ઉમરાવ સ્ત્રીને આવી સ્થિતિમાં જોઈને તે દીલગીર થયો. તેથી તે તેને એક બાજુએ લઈ જઈને દલાલ અને લાલચ દેખાડીને સમજાવા લાગ્યો, કે ખ્રીસ્તને તજી દે, અને દેવોને અર્પણ ચઢાવ. તે કાંઈ પણ સખતાઈ વાપરવાને બીલકુલ નારાજ હતો; પણ તેના બધા સમજાવવા ઉપર માત્ર તેણીએ એટલો જવાબ આપ્યો કે "અરે પબ્લીયસ, તમે ધારશો નહિ, કે તમારી મધુર બોલીથી તમે મારાપર જીત પામો, કારણ કે દેવનો આત્મા મારામાં છે, અને તે શેતાનને મારા ઉપર જીત પામવા નહિ દેશે, પણ મને ખાતરી છે કે મને વિજયી કરશે."

પણ પબ્લીયસ લાંબા વખત સુધી ફતેહ મેળવવા-વિષે નિરાશ થયો નહિ. તે બોલ્યો કે "અરે કંગાલ સ્ત્રી, તારો એકલીનોજ નાશ નહિ, પણ તારાં છોકરાનો પણ ઘણીજ ભયંકર વેદનાથી, શું તું મારી પાસે કરાવવા ચાહેછે?

ફેલીસીટાસે શાંતિથી ઉત્તર વાળ્યો કે, જો મારાં છોકરાં ખ્રીસ્તપરના વિશ્વાસમાં ટકીરહેશે, તો તેઓ મારી સાથે અનંત જીવન પામશે; અને જો મરણની બીહીકથી તેઓ મૂર્ત્તિઓને યજ્ઞ ચઢાવશે, તો તેઓને સર્વકાળીક મરણ શિવાય બીજા કશાની આશા નથી.

અધિકારી ચીડાયો, અને દુઃખી થયો. પણ પોતાના બધા યત્ન નિષ્ફળ ધારીને, કનમનતા મને



ફેલીસીટાસ ને તેના દિકરા.

ફેલીસીટાસને બીજા દિવસ લગી બંદીખાનામાં મોકલી. તે દિવસે અધિકારીએ માર્સ દેવના મંદિર સામા એક મોટા ચોગાનમાં જાહેર સભા બોલાવી; અને ફેલીસીટાસને ફરીથી સમજાવવા લાગ્યો, કે "અરે ફેલીસીટાસ, તારા છોકરા પર દયા લાવ. તેઓ હાલ ખીલતી જુવાનીમાં છે, અને હજુ તેઓ મોટાં મોટાં માન અને હોદ્દા પામે એમ છે." ફેલીસીટાસે ગર્વથી કહ્યું કે "જે દયા તમે મને લાવવાનું કહોછો, તે ખરેખરૂં અધાર્મિકપણું છે. જે દયા વિષે તમે મને ઉત્તેજન આપોછો, તે જો હું કબૂલ રાખું તો હું એક સૌથી ક્રૂર મા કેહેવાઉં."

પછી તેના સાત દિકરા, જે તેની પાસે ઉભા હતા, તેમના તરફ ફરીને તે બોલવા લાગી. તે એવા ઘાંટાથી બોલી કે તેનો સાદ હવામાં સ્પષ્ટ ગાજી રહ્યો, અને ચોગાનની આસપાસ જે મકાનો આવેલાં હતાં, તેમાં તેના પડઘા પડતા. તે બોલી કે—"મારા દિકરાઓ, તમે સ્વર્ગ તરફ નજર કરો, જ્યાં તમારો ખ્રીસ્ત અને તેના ભક્તો તમારી રાહ જુએછે. તેના પ્રેમમાં વિશ્વાસ રાખીને મરણ સુધી હિમ્મતથી સ્થિર રહો."

આનંદ આશ્ચર્ય અને માનથી પોતાની માતા તરફ જોઈને સાતે જુવાનો આસ્થિક સાદે બોલ્યા કે "અમે એમજ કરીશું." તે વખતે તે માનું રૂપ એવું તો બદલાઈ ગયું, કે જાણે કે તે પૃથ્વીનું માણસ ના હોય.

ફેલીસીટાસ અને તેના છોકરાઓની આવી રીતભાતથી અને આવું બોલવાથી અધિકારી ઘણો ગુસ્સે થઈગયો, અને બોલ્યો કે "તમે ખરેખર એવાં ઉદ્ધત છો કે આપણા રાજના હુકમનો મારી હજુરમાં તુચ્છકાર કરોછો." પછી તોછડાઈથી પોતાના અમલદારો તરફ ફરીને તેણે તે ઉમરાવ બાઈને ફટકા મારવાનો હુકમ આપ્યો. પણ હજુ પેલા જુવાનોને બચાવવાની તેની ઈચ્છા હતી; તેઓની માને શિક્ષા કરવાને લઈ ગયા, ત્યાર પછી દરેકને તેણે વારાફરતી બોલાવ્યો, અને દલીલ અને ધમકી આપીને યજ્ઞ કરવાનું સમજાવવા લાગ્યો. જે પેહેલા ઉપર હલ્લો કર્યો તેનું નામ જાન્યુઆરીયસ હતું; તે સૌથી મોટો હતો, તેણે જવાબ આપ્યો કે "જે કામ કરવાની તમે મને સલાહ આપોછો, તે ઘણું મૂર્ખાઈભરેલું છે; અને અક્કલની વિરૂદ્ધ છે. પણ હું પ્રભુ ઈસુ ખ્રીસ્તપર વિશ્વાસ કરૂંછું કે તે મને પરીક્ષણની ઘડીમાં બચાવશે."

બીજા ભાઈ ફેલીક્સે હિમ્મતથી જવાબ આપ્યો કે "દેવ એકજ છે, અને તેને અમારા અંતઃકરણના યજ્ઞો અમે ચઢાવીએછીએ; ઈસુ ખ્રીસ્તની અમારા પર જે પ્રીતિ છે, તે અમે કદી તજીશું નહિ. તમારી બધી યુક્તિઓ વાપરો, અને ક્રૂરતાની બધી રીતો ચલાવો, પણ તમે અમારા વિશ્વાસ પર કદી જીત પામી શકશો નહિ." અધિકારીએ ગુસ્સાથી બીજા ભાઈઓ તરફ ફરીને પૂછ્યું કે "શું એમજ છે? બધાએ એક નિશ્ચયથી ઉત્તર વાળ્યો કે "હા, એમજ છે." પબ્લીયસે વિક્રાળપણે કહ્યું કે "ત્યારે તો તમારૂં લોહી તમારે માથે થાઓ." અને એવો હુકમ કર્યો કે બધાને ફટકા મારીને પાછા બંદીખાનામાં મોકલવા.

ફેલીસીટાસે પોતાના ઉમદા દિકરાઓને ફરીથી જોયા નહિ; પણ જ્યારે તે એક અંધારા અને ભેજવાળા બંદીખાનાના કેદમાં પડી હતી, ત્યારે તેને વખતોવખત એવી ખબર મળતી કે તેમાંનો એક

નહિ તો બીજો ઘણી વેદના સહ્યા પછી અકસ્માત મરણથી સ્વર્ગમાં વિરામો પામ્યો છે. જાન્યુઆરીયસને સીસું ઘાલેલી ચાબુકથી મારી પાડયો. બીજા બે ભાઈ, ફેલીક્સ અને ફીલીપને લાકડીઓ મારીને મારીનાંખ્યા. ચોથા સીલવાનસને એક ઉંચા ટેકરી પરથી નીચે ધકેલી પાડયો. અને ત્રણ નાના જણનું એટલે આલેકઝાંડર, વીટાલીસ, અને મારશીઆલીસનો શિરચ્છેદ કરેચો.

જ્યારે બહાદુર ફેલીસીટાસને એવી ખબર મળી કે તારો છેલ્લો પુત્ર દુનિયામાંથી વિદાય થયો છે, ત્યારે તેણીએ સાલસાઈથી પોતાના હાથ જોડયા, અને હર્ષ કીધો કે મારા ઉપદેશ અને અસર આવાં ફળવંત નીવડયાં છે, કે મારા છોકરાનાં મનમાં જે વિશ્વાસ મેં રોપ્યો હતો, તેને કોઈ ઉખેડી શક્યું નથી. ચાર મહિના પછી ફેલીસીટાસને પણ જેમ તેના સૌથી નાના છોકરાએ જીવ આપ્યો હતો, તેમ જીવ આપવાની આજ્ઞા થઈ. ખ્રીસ્તને લીધે પોતાનું માથું એક લાકડા ઉપર મુકવાનો હુકમ તેને થયો. અને તે હુકમ તેણે એવા હસતા ચેહેરાથી અને ઉમદા રાજી ખુશીથી માથે ચઢાવ્યો કે તેની ચાલથી પોતાનાં જીવતાં જે ખ્રીસ્તીઓ તેણે કર્યા હતા, તેમાં બીજા ઘણાનો વધારો થયો.

મહાન ગ્રેગરીએ (એક પોપ) ઘણાં વર્ષ પછી તેની કબર ઉપર ઉપદેશ કરતાં કહ્યું હતું કે:—

"આ ધર્મને લીધે મરનાર સ્ત્રીના સદ્ગુણ વિષે આપણે કેટલા ઘણા ઓછા જણાઈએછીએ, અને આપણા જુસ્સાને આપણા અંત:કરણના વિશ્વાસ ઉપર કેવી રીતે જીત પામવા દઈએછીએ, એવા વિચારો કરીને શરમ અને લાજથી આપણું ઢંકાવું જોઈએ. કેટલા ઘણીવાર આપણી સામા બોલેલા શબ્દથી આપણું મન દુઃખી થાયછે—અને વિરૂદ્ધ પક્ષના સેહેજ સપાટાથી કેટલી બધીવાર આપણે નિરાશ થઈએછીએ, અને ગુસ્સે થઈએછીએ; ત્યારે જુઓ કે, સતાવણી ને મરણ પણ તેના બહાદુર જીવને ડગાવી શક્યાં નહિ. જે બાળકોને ઈશ્વરે આપણને આપ્યાં તેમને જ્યારે તે પાછાં લેછે, ત્યારે આપણે બેહદ વિલાપ કરીએછીએ, અને તેને તો એ દુઃખ હતું કે રખેને મારાં બાળક ખ્રીસ્તને લીધે મરવાને અસંતોષી જણાય; અને જ્યારે તેને લીધે તેઓએ પોતાના જીવ આપ્યા, ત્યારે તેણે હર્ષ કર્યો."

## બ્લાંડીના, એક સ્ત્રી ગુલામ:—

બ્લાંડીના કરીને ફ્રાન્સમાં એક છોકરી, ગુલામ હતી. તેની શેઠાણી ખ્રીસ્તી હતી; અને તેના બોધથી બ્લાંડીનાએ મૂર્તિપૂજા મુકી દીધી, અને ઈસુને પોતાના તારનાર તરીકે તેણે કબૂલ કર્યો. સતાવણી જાગી. તેની શેઠાણીને પકડી, અને ગવર્નર આગળ લઈગયા. ખ્રીસ્તી થવાના ગુનાનું તહોમત તેને માથે મૂકાયું, બ્લાંડીના રડતી રડતી પાછળ ગઈ, અને તે કાંઈ શબ્દો બોલી, તેથી તેને પણ પકડી, અને તેની શેઠાણીની સાથે તેને પણ દોષપાત્ર ઠરાવી. આથી પેલી શેઠાણીને ઘણું દુઃખ થયું, કેમકે બ્લાંડીના જુવાન હતી, અને નાજુક સ્વભાવની હતી. તે એવી ફીકરથી ધ્રુજવા લાગી કે રખેને ક્રૂર સતાવણી તેનાથી નહિ વેઠાય. જ્યારે તેના પર એવું તહોમત મુકાયું કે તમે ગુપ્તમાં ધિક્કારવાજોગ અપરાધ કરોછો, ત્યારે તેણે એટલોજ જવાબ આપ્યો કે "હું ખ્રીસ્તી છું; અને અમે કાંઈ પણ ભુંડું કરયું નથી." જોનારાઓના શોરબકોર કરનાર ટોળાના દેખતાં, બ્લાંડીનાને એક થાંભલા સાથે



બ્લાંડીના.

નાંખી, કે તે જંગલી પશુઓનો ભક્ષ થાય; પણ સિંહો તેને અડક્યા પણ નહિ.

ગમતોને છેલ્લે દિવસે, બ્લાંડીના અને એક પંદર વર્ષનો ખ્રીસ્તી છોકરો, જેનું નામ પોંટીકસ હતું, તેને

બંદીખાનામાંથી રંગભૂમિમાં લાવ્યા. તેઓને એવો હુકમ કર્યો કે તમે મૂર્તિઓના સોગન ખાઓ, પણ તેઓએ ખાધા નહિ. પેહેલાં પોંટીકસને એવી ક્રૂર રીતે રીબાવ્યો, કે તે વેદનાથી મરણ પામ્યો; તે વખતે બ્લાંડીના પાસે ઉભી રહીને તેને દિલાસો આપતી હતી. બ્લાંડીનાને પેહેલાં કોરડા માર્યા, પછી એક લાલ ધગધગતી ખુરસી ઉપર બેસાડી; પછી એક જાળમાં બાંધીને એક જંગલી આખલા આગળ તેને નાંખી, તેણે તેને ઉંચી કરી અને માથાં માર્યાં. હજુ તેનામાં જીવ હતો, તેથી થાકી ગએલા રીબાવનારાઓએ છેવટે તરવાર ભોકીને તેને મારીનાંખી. આ બધા વખતમાં, દયાને માટે આજીજીની અથવા દુ:ખની એક પણ બૂમ તેણે પાડી નહિ. મૂર્તિપૂજકોએ પણ કબૂલ કર્યું કે અમારામાંથી કોઈ પણ સ્ત્રીએ આટલી બધી અને આટલી ભારે પીડા કદી વેઠી નથી. બ્લાંડીનાએ સારી લડાઈ લડીને સુનેરી શેહેરમાં પ્રવેશ કર્યો, જ્યાં શેઠાણી અને દાસી સાથે મળ્યાં, અને કદીપણ વિયોગી થશે નહિ.

**ધર્મને માટે મરનાર છોકરાઓ:—** એક નાના છોકરા હીલારીયનને આફ્રિકામાં ધર્મને માટે મારીનાંખ્યો. આ બહાદુર છોકરાએ પોતાના બાપને, પોતાના બે ભાઈઓને અને એક બેહેનને પોતાની આંખો આગળ પીડાતાં જોયાં હતાં. અને અધિકારીએ તેને બચાવવાને યત્ન કર્યો. તેણે પૂછ્યું કે "તારો બાપ, કે તારા ભાઈઓ તને લઈ ગયા હતા?"—એટલે ખ્રીસ્તીઓની સભામાં. તે બાળકે જવાબ આપ્યો કે "હું ખ્રીસ્તી છું; અને હું મારી મરજીથી અને રાજીખુશીથી મારા બાપ અને ભાઈઓની સાથે પ્રાર્થનામાં ગયો હતો." માયાળુ ઇરાદાથી ન્યાયાધીશે તેને ધમકીથી બીવડાવવાનો યત્ન કર્યો; તેણે કહ્યું કે "હું તારા લાંબા વાળ, અને તારૂં નાક અને કાન કાપી નાંખીશ, અને તને કાઢી મૂકીશ." તે બહાદુર નાના છોકરે જવાબ આપ્યો કે "તમને ગમે તેમ કરો, કેમકે હું ખ્રીસ્તી છું." પોતાની મરજી ઉપરાંત અધિકારીને શિક્ષા કરવાની ફરજ પડી. તે સાંભળીને હીલારીયને મોટેથી કહ્યું કે "ઇશ્વરને ધન્ય હોજો."

ખ્રીસ્તી મંડળીના પેહેલા કાળમાં એક વિશ્વાસીને ધર્મને માટે મારીનાંખવાને આંતીયોખ શેહેરમાં લઈ-ગયા. તેણે કહ્યું કે "એક નાના બાળકને પણ પૂછો કે આકાશ તથા પૃથ્વીના બનાવનાર એક દેવની, અને જે તારનાર આપણને તારવાને શક્તિવાન છે, તેની ભક્તિ કરવી યોગ્ય છે કે જે અનેક જૂઠા દેવો મૂર્તિ-પૂજકો સેવે છે, તેમને ભજવા તે સારૂં છે." હવે એમ બન્યું કે એક ખ્રીસ્તી મા પોતાના આસરે નવ દસ વર્ષના નાના છોકરાને લઈને તે જગ્યાએ આવી હતી; તે છોકરાનું નામ સીરીલ હતું. પેલા વિશ્વાસીના જ્યારે ઉપરના શબ્દ પેલા મૂર્તિપૂજક ન્યાયાધીશે સાંભળ્યા, કે તરત તેની નજર પેલા બાળક ઉપર પડી. અને તેણે એવી ઇચ્છા બતાવી કે એ સવાલ તેને પૂછવો જોઈએ. સવાલ તેને પૂછ્યો; અને સાંભળનારા અચંબો પામ્યા કે તે છોકરાએ એવું કહ્યું કે "દેવ એક છે, અને ઇસુ ખ્રીસ્ત તે બાપને બરાબર છે." ન્યાયાધીશ ઘણો ક્રોધાયમાન થયો, અને કહ્યું કે "અરે, નીચ ખ્રીસ્તી, એવો જવાબ આપવાને તે બાળકને તેં શીખવ્યું છે." પછી છોકરા તરફ ફરીને તેણે ધીર રહીને પૂછ્યું કે "છોકરા, મને કહે કે આ ધર્મ તું શી રીતે શીખ્યો?" છોકરાએ પ્રીતિથી



સિરીલ.

પોતાની મા તરફ જોઈને કહ્યું કે "ઈશ્વરની કૃપાથી મારી મા તે શીખી અને તેણે મને શીખાડ્યું." તે ક્રૂર ન્યાયાધીશે કહ્યું કે "હવે આપણે જોઈશું કે ખ્રીસ્તની પ્રીતિ તારે વાસ્તે શું કરેછે." અને એક ઈશારત કરી તેથી જે અમલદારો રૂમી લોકની રીત પ્રમાણે લાકડીઓ લઈને ઉભા રેહેતા, તેમણે તે છોકરાને એકદમ પકડ્યો. પોતાના વાહલા બાળકને બચાવવાને તે મા પોતાનો જીવ પણ આપવાને ખુશી હતી; પણ તેમ તે ન કરી શકી. તો પણ ધીમેથી તેણે તેને કહ્યું કે ખ્રીસ્તની પ્રીતિપર ભરોસો રાખજે, અને સાચું બોલજે. ન્યાયાધીશે પૂછ્યું કે "ખ્રીસ્તની પ્રીતિ તેને માટે હવે શું કરી શકશે?" એવો જવાબ મળ્યો કે "તેના ગુરૂએ તેને માટે અને આપણ બધાંને માટે જેમ સહ્યું, તેમ સેહેવાની શક્તિ તેને આપશે." અને ફરીથી તેમણે છોકરાને માર્યો. "હવે ખ્રીસ્તની પ્રીતિ તેને માટે શું કરી શકશે?" પોતાના દિકરાની પેહેજ વેદના પામતી માએ ત્યારે એવો જવાબ આપ્યો કે "તે તેના સતાવનારને માફ કરવાનું શીખવશે," ત્યારે મૂર્ત્તિપૂજકોની આંખમાંથી પણ આંસુ નીકળી પડ્યાં. જ્યારે માએ પોતાના દિકરાને માટે પોતાની આંખો આકાશ તરફ ઊંચી કરી, ત્યારે તે છોકરો તેના તરફ જોઈ રહ્યો અને જ્યારે તેના સતાવનારાઓએ તેને પૂછ્યું કે કેમ, જે દેવોને અમે ભજીએછીએ તેમને માનીને ખ્રીસ્તને તજી શકે નહિ? ત્યારે તેણે કહ્યું કે "નહિ! એક દેવ સિવાય બીજો કોઈ નથી, અને ઈસુ ખ્રીસ્ત દુનિયાનો તારનાર છે. તેણે મારાપર પ્રીત કરી, અને તેની પ્રીતિને લીધે હું તેના પર પ્રીતિ કરૂંછું." લાકડીના ઉપરા ચાપરી સપાટાથી તે બીચારો છોકરો નિર્ગત થઈગયો અને તેઓએ તેના કચડાએલા શરીરને તેની માના હાથમાં નાખ્યું; અને કહ્યું કે "જો, કે હવે ખ્રીસ્તની પ્રીતિ તેને માટે શું કરી શકે." માએ પોતાના બાળકને પોતાની વીંધાએલી છાતી સાથે ધીમેથી ચાંપ્યું, અને એવો ઉત્તર દીધો કે "તે પ્રીતિ માણસના ક્રોધમાંથી તેને છોડાવીને સ્વર્ગની શાંતિમાં લઈજશે." મરતો છોકરો બોલ્યો કે "મા, આપણા ઠંડા કુવાના પાણીનું એક ટીપું મારી જીભ ઉપર પાડ." માએ કહ્યું કે "વાહલા, જે કુવો અનંતજીવન પમાડેછે, તેમાંનું તેં ક્યારનુંએ ચાખ્યું છે—એટલે જે કૃપા ખ્રીસ્ત પોતાના બાળકને આપેછે—તું પ્રીતિથી સત્ય બોલ્યો છે. હવે ઊઠ, કેમકે તારો તારનાર તને બોલાવેછે. તારી ગરીબ માને તારા પ્રકાશિત માર્ગમાં ચાલવાને તે કૃપા આપો. તે નાના બાળકે પોતાની આંખ ધીમેથી ઉઘાડી, અને ફરીથી કહ્યું કે "દેવ એકજ છે, અને એકજ તારનાર છે એટલે ઈસુ ખ્રીસ્ત, જેને તેણે મોકલ્યો. અને એમ કહીને તેણે પોતાનો પ્રાણ છોડ્યો.

## ખ્રીસ્તી ધર્મના પ્રસારનાં કારણ.

ક્રૂર સતાવણીઓ થવા છતાં પણ ખ્રીસ્તી ધર્મ ધીમે ધીમે રૂમી રાજ્યમાં ફેલાઈ ગયો. જેમણે ખ્રીસ્તી ધર્મ સ્વીકાર્યો હતો, તેમાંના કેટલાક તો પરીક્ષણથી પાછા હઠીગયા, પણ ઘણા દ્રઢ રહ્યા. અને તેઓનાં મરણથી સુવાર્ત્તાના પ્રસારને કાંઈ અટકાવ થવાને બદલે, બીજીજ અસર થઈ. તેથી એ કેહેવત આવી કે "ધર્મને માટે જીવ આપનારનું લોહી તે મંડળીનું બીજ છે." કેટલાક વખત સુધી ઘણું કરીને શેહેરોમાંજ ખ્રીસ્તીઓ થતા. પણ આસરે બે સૈકામાં સુવાર્ત્તાનો ફેલાવ રાજ્યની હદ બહાર પણ થયો.

સ્કોટલાંડમાં, ડાન્યુબ નદીની ઉત્તરની જાતોમાં, અરબસ્તાન અને હિંદુસ્તાનમાં ખ્રીસ્તીઓ થયા. એથી ખ્રીસ્તી ધર્મનો પ્રસાર થયો, તેનાં કેટલાંક કારણ નીચે પ્રમાણે છે.

**૧. તેના બોધની શ્રેષ્ઠતા** :—"સત્ય જય પામે છે" જો કે ભૂલ કાંઈક વખત સુધી તેને રોકી રાખે, તો પણ અંતે તેનો જય થાય છે. સડી ગએલા દેવોનું એક નીચ ટોળું, કે દરેક દુર્ગુણના ગુન્હેગાર હતા, એવાની પૂજા કરવા કરતાં એક સત્ય, પવિત્ર, ન્યાયી, અને ભલા દેવ વિષેનો મત ઘણોજ ઉત્તમ હતો. ભવિષ્ય વિષે નિરાશાની લાગણી ઉપજાવાને બદલે, ખ્રીસ્તી ધર્મે માહમાવાન અમરપણું પ્રગટ કરે છે. અને એ નવો ધર્મ માણસની બધી આત્મિક અગત્ય પુરી પાડતો દેખાય છે.

**૨. પ્રભુ ઇસુ ખ્રીસ્તની અસર** :—સુવાર્તાઓમાં તેના વિષે લખેલા વર્ણનથી જણાય છે કે "બધી પ્રજાને ઇચ્છિત" તેનું એક નામ છે તે કેવી સંપૂર્ણ રીતે ખરૂં ઠરે છે! તે સદ્‌ગુણનો સૌથી ઉંચો નમુનો છે; અને સારાં કૃત્ય કરવાને તે ખરો ઉત્તેજન આપનારો છે. તેના ખરેખરા હાજર રહેવાના અનુભવથી તેના ખરા ભક્તોને એવી શક્તિ મળતી કે તેઓ સૌથી ક્રુર સતાવણીમાં દૃઢ રહેતા.

**૩. અસલના ખ્રીસ્તીઓની વર્તણુક** :—તેઓ માત્ર અરસપરસ પ્રીતિને લીધેજ નહિ, પણ સૌથી નીચ, અને ભ્રષ્ટ ઉપર માયા દેખાડવાને લીધે પ્રસિદ્ધ હતા. મરકીના વખતમાં જ્યારે મૂર્તિપૂજકોને તેમના સગાવહાલાઓ છોડીને નાઠાં જતાં, ત્યારે ખ્રીસ્તીઓ તેમની સંભાળ લેતા. કોઈ પણ ધર્મ-કરીને એવાં શુભ કામો થતાં નહોતાં. અથવા એવાં ત્યાગી માણસો થતા નહોતા.

બીજાં કારણો આપી શકાય, પણ ઉપર કહેલા તે મુખ્ય છે.

## કોન્સટનટાઈન, પહેલો ખ્રીસ્તી બાદશાહ.

વખત જતાં રૂમી રાજ્યમાં વિભાગ પડી ગયા, અને દરેકનો એકેક બાદશાહ થયો. કોનસટાનશીઅસ કે પશ્ચિમ યુરોપપર રાજ ચલાવતો હતો, તે ઈ. સ. ૩૦૬ માં ઈંગ્લાંડમાં હાલના યોર્ક નામના શેહેરમાં મરી ગયો. તેના મરણ પછી તેનો દીકરો કોન્સટનટાઈન તેની ગાદીએ આવ્યો. તેનો બાપ ખ્રીસ્તીઓનો મિત્ર હતો, અને તેની મા, હેલેના વિષે એમ એવું ધારવામાં આવે છે કે, તે ખરી ખ્રીસ્તી હતી.

મેક્સનશીઅસ કરીને એક ક્રુર અને દુષ્ટ માણસ ઈટાલી અને ઉત્તર આફ્રિકા ઉપર રાજ્ય કરતો હતો, તેની સાથે કોન્સટનટાઈનને લડાઈમાં ઉતરવું પડ્યું. મેક્સનશીઅસે કોન્સટનટાઈનના મુલકના એક ભાગ પર ચડાઈ કરવાને ઘણા સિપાઈઓ તૈયાર કરી રાખ્યા હતા, તેથી કોન્સટનટાઈન એક મોટી ફોજ લઈને ઈટાલીમાં ગયો, અને બેવાર મેક્સનશીઅસને હરાવ્યો. રૂમની પાસે એક ત્રીજી લડાઈ થઈ, અને મેક્સનશીઅસ પોતાના ઘોડાને ટાઈબર નદીમાં તરાવતાં, પોતાના ઘણા સિપાઈઓ સાથે ડુબી મુઓ. મેક્સનશીઅસ સાથે લડાઈ ચલાવતી વખતે કોન્સટન-

ટાઈન ખ્રીસ્તી નહતો. માત્ર થોડાક વખતપર તેણે એક મૂર્તિપૂજકના દેવને યજ્ઞ ચઢાવ્યા હતા. જ્યારે આ લડાઈ શરૂ થઈ, ત્યારે પોતાનું રક્ષણ કરવાને અને ફતેહ પામવાને કોઈએક દેવની પ્રાર્થના કરવાનો તે વિચાર કરતો હતો, પણ તેના મનને નક્કી ના થયું, કે કયા દેવની પ્રાર્થના કરવી. પછી તેણે ખ્રીસ્તીઓના દેવ વિષે વિચાર કર્યો, કે જેને તેનો બાપ કોન્સટાનશીઅસ માન આપતો. જ્યારે તે આવી ગુંચવણમાં હતો, ત્યારે એક દિવસ પોતાના સૈન્યનો સરદાર થઈને તે કુચ કરતો હતો, એટલામાં તેને એમ લાગ્યું કે હું આકાશમાં વધસ્તંભના આકારનું પ્રકાશિત અજવાળું જોઉંછું, અને તેનાપર આ શબ્દો લખેલા હતા કે "આનાથી જય પામ." કોન્સટનટાઈને વધસ્તંભના આકારનો એક વાવટો કરાવ્યો. વધસ્તંભની ટોંચે એક મુગટ હતો, તેનાપર ખ્રીસ્તના નામના પ્રથમ અક્ષર પાડેલા હતા. અને તે પરથી એક રેશમી ખુરપો લટકતો હતો. ખ્રીસ્તીઓના દેવની શક્તિથી ફતેહ મળશે, એવું કોન્સટનટાઈને માન્યું. મેક્સેનશીઅસનું લશ્કર પોતાના કરતાં ચારગણું હતું.

ઈ. સ. ૩૧૨ માં પશ્ચિમનો બાદશાહ કોન્સટનટાઈન અને પૂર્વનો બાદશાહ લીસીનીઅસ, મીલાનમાં મળ્યા. બીજે વર્ષે એક જાહેરનામું બહાર પાડ્યું કે ખ્રીસ્તીઓને બધી કાયદાસર અડચણોમાંથી દૂર કરવા. આથી માત્ર ખ્રીસ્તી ધર્મનેજ નહિ, પણ દરેક ધર્મને ઘણું છુટાપણું મળ્યું. તેમાં એવું લખેલું છે કે "અમને ઘણા વખતથી માલમ પડયું છે, કે ધર્મની છુટ વિષે મના કરવી, તે અમારૂં કામ નથી. અને માણસની રાજીખુશી પ્રમાણે વિશ્વાસની બાબતો તપાસવાનો અધિકાર દરેક માણસની ઈચ્છાને આધીન હોવો જોઈએ. બલાત્કારનો ધર્મ, એ ધર્મ નથી." જેમ આગળ કહી ગયા, તેમ થોડાંજ વર્ષથી ધર્મ વિષે છુટ આપવાનો મત કેટલાક સુધરેલા દેશોમાં કબૂલ થયો છે. જેમ જેમ કોન્સટનટાઈન ખ્રીસ્તી ધર્મના પક્ષમાં વધારે મળતો ગયો, તેમ તેમ લીસીનીઅસ તેની સાથે સરસાઈ કરવાને મૂર્તિપૂજાનો દૃઢ મિત્ર થતો ગયો. દેવળો બંધ કરી દીધાં; કેટલાક ખ્રીસ્તીઓની મિલ્કત તેમની પાસેથી લઈ લીધી; કેટલાકને ખાણોમાં કામ કરવાને મોકલ્યા; અને કેટલાકને મારી પણ નાંખ્યા. કોન્સટનટાઈન ખ્રીસ્તીઓને માટે ફોકટ વચમાં પડતો હતો, આખરે ધર્મ વિષે ઉઘાડો ઝઘડો થયો.

લડાઈ શરૂ કરવા પહેલાં લીસીનીઅસે પોતાના અમીરોને અને સરદારોને એક પવિત્ર ઝાડીમાં એકઠા કર્યા. યજ્ઞો ચઢાવ્યા પછી, તેણે દેવોના પુતળાં તરફ આંગળી કરીને બતાવ્યું કે તે આપણા બાપદાદાઓથી ઉતરી આવ્યા છે, અને કોન્સટનટાઈનને એમ દોષિત ઠરાવ્યો કે તે પારકા દેવનું ભજન કરેછે. લડાઈના પરિણામથી જણાશે કે ખરો કોણ છે. તેણે કહ્યું કે "જે પારકા દેવની હાલ આપણે મશ્કરી કરીએછીએ, તે જો વિજયી થશે, તો આપણે તેને માનવો પડશે, અને માન આપવું પડશે; અને જેમને માટે અમથા દીવા બાળીએછીએ, તેમને છેલ્લી સલામ કરીશું. પણ જો આપણા દેવો જીતશે, અને તે વિષે કાંઈ સંદેહ નથી, તો જીત પછી અધાર્મિકોની સામે લડાઈ ચલાવીશું." બીજી તરફ જોઈએ, તો કોન્સટનટાઈન વધસ્તંભનો વાવટો લડાઈના મેદાનમાં લઈ ગયો હતો, અને ઘણી ભયંકર અને લાંબીઆળ લડાઈઓમાં જે જીત મળવી, તે

વિષે તે, અને તેની ફોજ એમજ માનતાં કે તેનાથીજ આપણી જીત થઈ છે. લીસીનીઅસ પૂરેપૂરો હારી બેઠો, અને કોન્સટનટાઈન એકલો એકત્ર થએલા રાજ્યનો ધણી થયો.

હવે તો મૂર્તિપૂજકનાં ટોળેટોળાં મંદિરમાં આવવા લાગ્યાં, અને પુરાતન દેવોનાં દેવલો તજી દીધા. કોન્સટનટાઈને જાહેર રીતે ખરા દેવ ઉપર વિશ્વાસ કર્યો, અને ઘણાં સુંદર મંદિરો બંધાવ્યાં. પણ મૂર્તિ-પૂજાને જુલમથી દબાવી દેવાનો ઇરાદો તેણે નાપસંદ કર્યો. "દરેકનો આત્મા જેવું ઇચ્છે, તેવું તે કરે." કોન્સટનટાઈનની જીંદગીના સઘળા દિવસોમાં ખ્રીસ્તી-ઓને શાંતિ અને વિશ્રામ હતાં.

## મૂર્તિપૂજા સ્થાપન કરવાનો જુલીયનનો યત્ન.

કોન્સટનટાઈને પોતાના રાજ્યનો વારસો ત્રણ દીકરાને માટે ઠરાવ્યો. તેમાંના એકે, એટલે કોન્સટાનશીઅસે ગાદીએ આવતાંમાં તેના પછીના ગાદીના બીજા વારસોને કતલ કર્યાથી, પ્રખ્યાતી મેળવી. માત્ર બેજણ નહાસી છુટયા; તેમાંના જુલીયન નામના છ વરસના બાળકને મંદિરમાં સંતાડી દીધો. તો પણ બાદશાહ તેના તરફ અણભરોસાથી જોવા લાગ્યો, અને તેને ચૌદમે વરસે તેને દેશનીકાલ કર્યો, અને તેના પર ઘણો જાપતો રાખ્યો. જુલીયન પોતાના વિચાર ગુપ્ત રાખવાનું શીખ્યો, અને એવો ઢોંગ શીખ્યો કે જે આગળ જતાં તેની ચાલનો એક મોટો દુર્ગુણ જણાયો. થોડા વખત પછી તે ઓછો હાનિકારક દેખાવા લાગ્યો, અને તેને વધારે છુટ મળી. તે તત્વજ્ઞાનનો અભ્યાસ કરવાને નીકોમીડીઆમાં ગયો. ત્યાં તેના મુખ્ય શિક્ષકો અસલની મૂર્તિપૂજાના ઝનુની સેવકો હતા. અને તે ધર્મના નિયમોને, અને નિશાનીઓને, અને વાતોને એવા આત્મિક અર્થમાં તેઓ લાવતા, અને એવો ખુલાશો કરતા કે જે કાંઈ ખોટું હોય તેનો અર્થ ઉમદા, સુંદર અને કવિતારૂપ માલમ પડે. જુલીયન વળી તેમની જાદુભરેલી કળાથી ભય પામ્યો; અને એ મંડળીઓમાં એ કામ શોભા જેવું થઈ પડયું હતું.

જુલીયન ઉપર ઉપરથી એક આતુર ખ્રીસ્તી દેખાતો હતો, અને ધર્માધિકારીઓના સૌથી નીચલા વર્ગમાં પણ તે દાખલ થયો. નીકોમીડીઆમાં તેણે ખ્રીસ્તી-ધર્મનો ત્યાગ કર્યો, અને તેના માથા ઉપર વધ કરેલા આખલાનું ગરમ લોહી છાંટીને બાપ્તિસ્મા પામવાથી તેને જે કાંઈ દોષ લાગ્યો હોય તે ધોવાઈ ગયો એવું તે સમજ્યો. મરીગએલાના આત્માના અને ભૂતોના ઢોંગભરેલા દેખાવો દેખાડીને, આરતીમીસના મંદિરમાં મૂર્તિપૂજકના વર્ગમાં તે દાખલ થયો. તો પણ ધર્મ બદલવાની કબુલાત તેણે જાહેર પાડી નહિ. તે તો વધારે આતુર ખ્રીસ્તી જણાવા લાગ્યો; ભક્તોની યાદગારીને માટે જે દહાડા ઠરાવેલા હતા તેઓને તે પાળતો, જાહેરમાં શાસ્ત્ર વાંચતો, અને સાધુ જેવો દેખાતો.

એવામાં અનેક તરફથી શત્રુઓ રાજ્ય ઉપર તાકી રહ્યા હતા. કોન્સટાનશીઅસે પોતાની મદદે જુલીયનને બોલાવવાનો ઠરાવ કર્યો, જર્મન લોકો જે તે વખતે જંગલી જાત હતી, તેઓએ ગાલ દેશ જે હાલ ફ્રાન્સ કહેવાય છે, તેના એક ભાગમાં લટફાટ કરી હતી.

જુલીયનને સીઝરનો ખેતાબ મળ્યો, અને ગાલ-માંના લશ્કર ઉપર પૂરો અધિકાર મળ્યો, ઘણી લડાઈઓ જીત્યા પછી તેણે જર્મન લોકને રાઈન નદીને પાર હાંકી કાઢ્યા. તેના સિપાઈઓએ તેને



લોકો જુલીયનને બાદશાહ કરીને માને છે.

દેવ જેવો માન્યો, અને પ્રાન્તના લોકોએ પણ તેને ઘણું માન આપ્યું.

કોન્સટનસીઅસને વહેમ આવ્યો, અને જુલીયનને ઘણો બળવાન થતો અટકાવવાને સૌથી સરસ લશ્કરની ટુકડીઓને ગાલ દેશમાંથી પાછા આવવાનો હુકમ કર્યો. ટુકડીઓએ કુચ કરવાની ના પાડી, અને તે સિપાઈ-

ઓએ જુલીયનને પકડીને જેમ ચિત્રમાં બતાવ્યું છે, તેમ એક ઢાલ ઉપર તેને ઉંચો કર્યો, અને જુલીઆન આગસ્ટસને બાદશાહ તરીકે મુબારકબાદી આપી. જુલીયને કોન્સટનસીઅસને સંતોષી રાખવાને યત્ન કર્યો, પણ જ્યારે તેનો એ યત્ન નિષ્ફળ ગયો, ત્યારે તેણે બાદશાહપદ ધારણ કર્યું, અને ફોજનો સરદાર થઈને આગળ વધ્યો. કોન્સટાનસીઅસ ઈ. સ. ૩૬૧ માં મરીગયો, અને જુલીયન સર્વ ઠેકાણે ને સર્વથી બાદશાહ મનાયો.

ઈશ્વરની વાણીથી મૂર્તિપૂજા સ્થાપવાને મને સૂચના થઈ હોય એમ જુલીયન ધારવા લાગ્યો. તેને એમ ખાતરી થઈ કે મૂર્તિપૂજાને જોઈતી છુટ આપીશું, કે તરતજ તે ખ્રીસ્તીધર્મને જીતી લેશે. મહેલમાં એક મંદિર બંધાવ્યું, અને ત્યાં પોતે રોજ યજ્ઞ ચઢાવતો. વારંવાર યજ્ઞની ક્રિયા તે પોતે કરતો, લાકડાં લઈજતો, અને પોતાના હાથે વધને માટેના પ્રાણીને છુરી મારતો. સર્વ જગ્યાએ જે પુરાતન ભક્તિ ભુલી જવાઈ હતી, તેની સ્થાપના તેણે કરી. એક જગ્યાએ બંધ કરેલા મંદિરને ફરી ઉઘાડ્યું, અને બીજે ઠેકાણે ભાંગી પડેલા મંદિરને ફરી સમાર્યું; દેવોની મૂર્તિઓને ફરી બેસાડી. અને વિસરાએલા તેહેવારો ફરીથી પળાવા લાગ્યા. ઊંચી પદીના જે બધા અમલદારો ખ્રીસ્તી હતા, તેમને બરતરફ કર્યા કે કાઢી મુક્યા; અને રાજ્યની નોકરીમાંથી બધા ખ્રીસ્તીઓને દૂર કર્યા.

જુલીયન કવિતા વિષે શોખીલો હતો ખરો, પણ તેથી તે મૂર્તિપૂજા વિષે ચોખ્ખો થયો નહિ અને ખરૂં જોતાં તેમાં જરા પણ ચોખ્ખાપણું હતું નહિ. તેના મૂર્તિપૂજક મિત્રો એવા રાજ્યદરબારીઓ હતા કે ખરા દીલ સિવાય તેની વાતોમાં હાજી હાજી કરતા; તેમાં અજ્ઞાન વકતાઓ હતા, જે મનોહર વાતો કહીને મહિમા શોધતા; અને એવા માણસો હતા કે જે ધર્મ વિષે બીલકુલ બેદરકાર અને અધૂરા હતા. જુલીયન સમજ્યો કે જો મૂર્તિપૂજાને જાગૃત કરવી હોય તો તેને અંદરથી તાજી કરવી જોઈએ. અજાએબ જેવું છે કે ધર્મનો સુધારો કરવાને જુલીયનને ખ્રીસ્તી ધર્મની રીતો અને સાધનો લેવા પડ્યાં. ખ્રીસ્તીઓની પેઠે મૂર્તિપૂજક યાજકો લોકને બોધ આપતા, અને પવિત્ર જીંદગી કાઢવાને ઉત્તેજન આપતા. ખ્રીસ્તીઓને અનુસરીને મૂર્તિપૂજકોને ગરીબની બરદાસ્ત લેવાને ફરમાવ્યું. ખ્રીસ્તી ધર્મને નરમ પાડવાને બીજા ઉપાયો લીધા. એક બાદશાહી હુકમ પ્રગટ થયો, કે સામાન્ય-વિદ્યા, અને પુરાતન ભાષાઓ શીખાડવાને ખ્રીસ્તી શિક્ષકો રાખવા નહિ. એ વિષે અરજ કરનારાઓને તે એવો જવાબ આપતો, કે "તમે તો અજ્ઞાનતામાં રહો. વકતૃત્વ અમારૂં છે; તમારા ધર્મનો તો એકજ શબ્દ છે, એટલે "વિશ્વાસ કરો.""

જુલીયન મુસાફરી કરીને સીરીઆના આંતીયોખમાં ગયો. અને ઈરાનીઓ સામે જે ભારે લડાઈ કરવાનો મનસુબો તેણે કર્યો હતો, તેની તૈયારી કરવા લાગ્યો. ત્યાં તેણે અપોલોનું એક પ્રખ્યાત મંદિર ખંડેર થએલું જોયું. તેને ભારે ભપકાથી સમરાવ્યું. અને જુલીયન તે દેવને યજ્ઞ કરવાને ગયો. તેણે એવી આશા રાખી હતી, કે પુજા કરનારાઓનું મોટું ટોળું મને ત્યાં મળશે, પણ તે દેવના માનને અર્થે બાળવાને કોઈ દીવાને માટે તેલ અથવા લોબાન પણ લાવ્યું નહિ. માત્ર એક ડોસો એક હંસનો યજ્ઞ ચઢાવવાને આવ્યો હતો. ઘણી જગ્યાએ મૂર્તિપૂજકો એકઠા થઈને ખ્રીસ્તીઓને લુટતા, અને મારીનાખતા. દરેક જગ્યાએ જુલીયન

મૂર્ત્તિપૂજકોનો પક્ષ લેતો. તે કહેતો "જો એક ગ્રીક દશ ગાલીલીઓને મારીનાંખે, તો એ શું ગુનો કહેવાય? એમાં શું થયું?" નવી નવી સતાવણીઓ કરવાને બાદશાહના આ શબ્દો નીશાનીરૂપ હતા; અને જુલીયન તેમ કરવાની રજા આપતો. જુલીયન વધારે અને વધારે અધીરો થતો ગયો, દેવળે દેવળે દોડતો, અને યજ્ઞ પર યજ્ઞ કરતો. ઘણા કલાક સુધી દેવોની સામે તે ઘૂંટણીએ પડી રહેતો, અને તેમની મૂર્ત્તિઓને ઘણીવાર ચુંબન કરતો હતો.

છેવટે લડાઈને માટેની તેની બાર તૈયારીઓ પૂરી થઈ, મૂર્ત્તિપૂજકોની બધી આશા તેના ઉપર હતી. જો બાદશાહ જીત મેળવીને આવે, તો તો મૂર્ત્તિપૂજનની જીત નક્કી હતી. ખ્રીસ્તીઓ શાંત થઈગયા. જ્યારે વકતા લીબાનીયસે એક ખ્રીસ્તી યાજકને ધીક્કારથી પૂછ્યું કે "હાલ તમારો સુથારનો દિકરો શું કરેછે?" ત્યારે તેણે જવાબ આપ્યો કે "તે તમારા બાદશાહને માટે કફન તૈયાર કરેછે." જુલીયનને પણ શોકભરેલા અપશુકન થવા લાગ્યા. તેનો નિરંતર વધતો જતો વેહેમ ચિન્હો માગતો, અને જ્યાં ત્યાં તેને ચિન્હ માલમ પડતાં. અર્પણને માટે તૈયાર કરેલા પ્રાણીમાં જુદી જુદી ખોડ હોય, તો તેના જીવને ઘણી ફીકર થતી. અથવા તેનો ઘોડો ભડકતો, અથવા તેને કાંઈ બીજું અપશુકન થતુ. જુલીયને મહાન સિકંદરના માફક વર્તવાનો ઠરાવ કર્યો. તેની ફોજ જીત મેળવતી પૂર્વમાં તૈગ્રીસ નદી સુધી ગઈ. પાછા ફરવાના બધા વિચાર દૂર કરવાને તેણે તે નદીમાં લડાઈનાં વહાણ બાળી નાંખ્યાં. તેની ફોજને ગરમ રેતીવાળાં મેદાનોની પાર થઈને જવું પડ્યું. ચંચલ ઈરાની ઘોડેસ્વારો તેમની આગળ ને આગળ હઠતા ગયા. દુ:ખી અંત:કરણથી જુલીયનને પગલાં પાછાં ફેરવવાની જરૂર પડી. એક દિવસ ઈરાનીઓની લડાઈની બૂમ તેણે સાંભળી, કે જુલીયનની આસપાસ શત્રુઓ ફરી વળ્યા. તે પોતાના લશ્કરનો સરદાર થયો, અને પૂરેપૂરી જીત મેળવી. તે પોતાનું બખ્તર ઉતારતો હતો એટલામાં ફરીથી એક બીજી જગ્યાએથી હુમલો થયો. પોતાનું બખ્તર પેહેર્યા સિવાય તે લડાઈના મેદાનમાં દોડ્યો; અને બધાની આગળ જઈને તે શત્રુઓ પર હલ્લો કરવા લાગ્યો. તેને જાંગમાં એક ભાલો વાગ્યો. અને એક મોટી બૂમ પાડીને તે જમીનપર પડ્યો. તેને તંબુમાં લઈગયા, અને પછી તે થોડાક કલાક જીવીને રાત્રે મરીગયો; જુન ૨૬, ઈ. સ. ૩૬૩. દંતકથા કેહેછે કે જે બૂમ પાડીને જુલીયન મરીગયો તે એ હતી કે "હે, ગાલીલી (ઈસુ ખ્રીસ્ત), તુ જય પામ્યો છે." એમ થયું હોય કે નહિ, તો પણ એટલું તો નક્કી છે કે મૂર્ત્તિપૂજાનું બળ હમેશાને માટે પડી ભાગ્યું.

## ગ્લાડીએટરોની લડાઈનું બંધ થવું.

કોન્સટનટાઈને ગ્લાડીએટરના ધંધાની બંધી કરી હતી, અને કેદીઓને રંગભુમિમાં મોકલવાની મના કરી હતી. તો પણ હજુ કેટલાક વખત સુધી એ ક્રૂર તમાશા ચાલુ રહ્યા. નીચે પ્રમાણે તેનો અંત આવ્યો.—

ઈ. સ. ૪૦૩ માં સ્ટીલીકો નામના એક રૂમી સેનાધિપતિએ ગોથ લોકની સામા એક મોટી લડાઈ જીતી. આ ગોથ તે જંગલી લોકો હતા, અને તેઓએ આસરે તે વખતે ઘણા દેશોને લુટીને જીત્યા હતા. આખરે તેઓ ઈટાલીમાં પેઠા અને રૂમ તરફ કુચ કરી. બાદશાહ હોનોરીયસ, તે માત્ર એક છોકરો

હતો, પણ તેનો બહાદુર સેનાધિપતિ સ્ટીલીકો તેમની સામા ગયો, અને ૪૦૩ માં ઇસ્ટરને દિવસે પૂર્ણ ફતેહ મેળવી. તે વખતે તો રૂમ બચીગયું. તે પ્રસંગની ખુશાલીમાં રૂમના મુખ્ય માણસોએ તેને ધામધુમથી શહેરમાં પેસવાને આમંત્રણ આપ્યું. એક ભપકાબંધ વરઘોડો નીકળ્યો, અને તે સેનાધિપતિના માનને અર્થે તમાશા અને ગમતો કરી. પહેલાં તો દોડવાની, અને ઘોડાની, અને ગાડીઓની શરતોના તમાશા થયા; પછી પશુઓની લડાઈ થઈ; અને છેવટે માણસોની લડાઈ એટલે ગ્લાડીએટરનો તમાશો થયો. તેઓ પોતાની ભયંકર લડાઈ શરૂ કરવાના હતા, એટલામાં તેમના એ કામમાં એચીંતી રોકાણ થઈ. એક ઘરડો માણસ સાદો પોષાક પેહેરીને, ઉઘાડે માથે, અને ઉઘાડે પગે વચ્ચે આવીને ઉભોરહ્યો. તેણે પાછા હઠવાને તેમને નીશાની કરી, અને આવી દુષ્ટ રમત અટકાવવાને લોકોને વિનંતી કરી. તેણે તેમને વિનંતી કરીને કહ્યું, કે તમારા દુશ્મન ગોથ લોકોને હાંકી કાઢીને ઈશ્વરે જે દયા દેખાડી છે, તેનો બદલો હત્યા કરીને ના વાળજો. તેના આ શબ્દો ઉપર બૂમો અને ચાસો થઈ, લોકો ગુસ્સાથી ગાંડા થઈ ગયા, અને બોલ્યા કે "ગ્લેડીએટરો, ચલાવો!" તેમણે તે વચ્ચે પડનારને બાજુએ ધકેલી કાઢયો. અને હલ્લો કરવા આગળ વધ્યા. તો પણ તે હઠયો નહિ, અને તેમને વેગળા રાખ્યા, અને પોતાનું કહેવું સંભળાવવાને યત્ન કર્યો. તે એકલાની સામા હજારો તમાશગીરોએ એવી બૂમ પાડી કે "એને પૂરો કરો." પોતાનો જીવ બચાવવા આવનારની સાથે ગુસ્સે થએલા ગ્લાડીએટરોએ પોતાની તરવારોથી તેને કાપીનાખ્યો. ક્રોધે ભરાએલા લોકોએ તેના ઉપર પથ્થરનો વરસાદ વરસાવ્યો, અને તે નાશ તેઓની નજર આગળ તે મરેલો પડયો. તેઓ કરતું? થોડાક જન તેને ઓળખતા હતા, તેર કહ્યું કે એશીઆના જંગલી ભાગોમાંથી ઈસ તેહેવાર પાળવાને તે રૂમમાં આવ્યો હતો. તે વ જે માણસો પ્રાર્થનામાં, અને વિચાર કરવામાં પો દિવસ કાઢતા, અને દુનિયાથી દૂર રેહેતા, તેઓમ આ એક પવિત્ર માણસ હતો. વારંવાર આવા લો જે "યતિ" કેહેવાયછે, તેઓ જો કે નિર્દોષ તો પ નકામી જીંદગી કહાડતા; પોતાની મુક્તિને માટે મેહેન કરતા, પણ બીજાના આત્માને માટે ઘણી દરકા નહોતા રાખતા, પણ જેના વિષે આપણી વાત કેહેવાઈ છે, તે એવો નહોતો. એક બીજાને મારીનાંખતા, જોવા આવેલા હજારો માણસો જોઈને તેનો જીવ વ્યાકુળ થયો. તેણે એવો નિશ્ચ કર્યો કે, ગમે તો ક્રુરતાને અટકાવવી અથવા ગમેતો મરવું; અને તે મરીગયો, પણ તેનું મોત નકામું ગયું નહિ તેનું કામ પૂરૂં થયું. લોકોનાં મનમાં દયા આવી, અને આવું મોત જોઈને તેઓ ચમકી ઉઠ્યા. કેટલા બધા ભુંડાઇમાં તેઓ ચકચુર થઈગયા હતા, તે તેઓ સમજ્યા, અને જે દિવસથી કલોશીયમમાં તે યતિ મરણ પામ્યો, તે દિવસથી ગ્લાડીએટરની બીજી લડાઈ ત્યાં થઈ નથી. રૂમમાં અને તે મોટા રાજ્યના દરેક નગરમાં એ દુષ્ટ રમત તદન નાબૂદ થઈ ગઈ. એક ગરીબ, કંગાલ, અને અણજાણીતો માણસ, જેના નામ વિષે પણ કાંઈ નક્કી નથી, (કેટલાક ધારેછે કે તેનું નામ ટેલીમાખસ હતું), તેણે પોતાનો જીવ આપીને ઈશ્વરની પૃથ્વીની સપાટીપરથી એક ભયભરેલા ગુનાને જાણે ધોઈ નાંખ્યો.

# ખ્રીસ્તી ધર્મે યૂરોપને માટે શું કર્યું છે!

નીચે લખેલી કેટલીક અસર ખ્રીસ્તી ધર્મથી થએલી મનુષ્યની જીંદગીની કિંમત વિષે ઉંચો મત થયાથી નીચે પ્રમાણે પરિણામો આવ્યા છે.

૧. માણસોના યજ્ઞ રદ થયા છે—અસલના અને વળી સૌથી સુધરેલી પ્રજાઓમાં આ યજ્ઞ વારંવાર થતા હતા.

૨. બાળહત્યાની બંધી થઇ છે—હિંદુસ્તાનમાં દેશી રાજ્યમાં રજપુતોની પેઠેજ ગ્રીક અને રૂમી લોકોમાં, જો માબાપ પોતાના બાળકોને ઉછેરવાનું પસંદ ના કરે, તો કાંઇ પણ શિક્ષા પામ્યા વગર, તેમને મરીજવા દેતા. બાળકનો પેહેલોજ દિવસ તે તેનો છેલ્લો થતો, અને દહાડો પૂરો થતાં પેહેલાં તો કુતરાઓ, અને શીયાળો તેમને ફાડી ખાતાં.

૩. ગ્લાડીએટરોની લડાઇ બંધ થઇછે.—તમાશગીરોની ગમતને ખાતર માણસો એક બીજાને હવે મારી નથી નાંખતા.

૪. લડાઇની ક્રુરતા ઓછી થઇ છે—પ્રાચીનકાળમાં બંધીવાનોને ઘણું કરીને મારીનાખતા, અથવા ગુલામ તરીકે વેચતા. એ બેમાંની કોઇ પણ રીત હાલ ખ્રીસ્તી પ્રજાઓમાં આણજાણીતી જેવી થઇ ગઇછે. જો કે હાલ થોડા વખતપરની ફ્રાન્સ અને જર્મની વચ્ચેની લડાઇમાં ફ્રાન્સે લડાઇની પેહેલ કરી હતી, તો પણ ઘાયલ થએલા ફ્રેંચ સિપાઇઓને જર્મનીની ઇસ્પીતાલોમાં લાવ્યા હતા, અને જર્મનોની માફક તેમની બરદાસ્ત લીધી હતી, જો બધા માણસો ખરાં ખ્રીસ્તીઓ થાય, તો લડાઇઓ બંધ પડે.

બીજી એક ખ્રીસ્તી ધર્મની મોટી અસર એ થઇ છે કે તે "માણસના ભાઇપણા" વિષે શીખવેછે, તેના કેટલાંક નીચે પ્રમાણે ફળ નીપજ્યાં છે.

૫. ગુલામગીરી રદ થઇ છે.—રૂમના રાજ્યની આસરે અડધી વસ્તી ગુલામની હતી. "ગુલામના ભાઇઓ" એવું નામ ખ્રીસ્તીઓને આપેલું હતું. દાનધર્મ કરવાનું એક સાધારણ કામ તેઓનું એ હતું, કે તેઓ પેસા આપીને ગુલામોને છોડવતા, હાલ માત્ર તુર્કસ્તાન શિવાય આખા યુરોપમમાં એક પણ ગુલામ નથી.

૬. ઇસ્પીતાલો અને ગરીબને માટે આશ્રયસ્થાન સ્થાપ્યાં છે.—પોતાને માટે પુણ્ય મેળવવા હિંદુસ્તાનના જૈન લોકો ઘરડા કુતરાં અને આજારી બળદો વિગેરેને માટે ઇસ્પીતાલો રાખેછે, પણ જે મનુષ્ય પ્રાણીઓને માટે છે તે તો ખ્રીસ્તી ધર્મનુંજ પરિણામ છે, અને જ્યાં તેની અસર વધારે માલમ પડી છે, ત્યાં એવા ઘણા મુકામ છે.

૭. વધા વર્ગોમાં કેળવણી પસરી છે.—ગ્રીક અને રૂમી તત્વજ્ઞાનીઓ એમ ધારતા કે થોડાનેજ કેળવણી આપવી, એક મહાન રૂમી કવિ જે આગષ્ટસના રાજ્યમાં થઇ ગયો તેણે કહ્યું છે કે "હું સાધારણ અજ્ઞાન લોકોને ધિક્કારૂંછું." પણ હવે કેળવણી દરેક માણસનો જન્મહક ગણાયછે. ખ્રીસ્તી ધર્મે સ્ત્રીની સ્થિતિ ઉંચા કરીને દુનિયાને ઘણી મોટી અસર લગાડી છે.

૮. વ્યભિચાર શિવાય ફારગતીની, અને ઘણી બાયડીઓ કરવાના રિવાજની બંધી થઇ છે.—ખ્રીસ્તી અને મુસલમાની સંસારી જીંદગીમાં જે આજ એક જેવો ફેર છે, તેથી માલુમ પડેછે, કે આ સુધારો કેટલો અગત્યનો છે.

૯. **સ્ત્રી કેળવણીનો વધારો થયો છે.**—જ્યાં સુધી ખ્રીસ્તી મિશનેરીઓએ એ શરૂ કર્યું, ત્યાં સુધી હિંદુસ્તાનમાં એ તો લગભગ અજાણીતા જેવું હતું. ખ્રીસ્તી મુલકોમાં છોકરાઓની પેઠે છોકરીઓ નિશાળે જાયછે.

૧૦. **સ્ત્રીઓ મંડળીમાં મળેછે, અને તેની શોભા વધારેછે, અને પરોપકારી કામમાં ભાગ લેછે.**—સ્ત્રીઓની હાજરીથી માણસો પોતાની ચાલ વિષે, અને બોલી વિષે સાવચેતી રાખેછે. ભલી ખ્રીસ્તી બાઈઓએ માંદાની ચાકરી કરવાનું, અને ગરીબના ઘરોની મુલાકાત લેવાનું કામ માથે લીધું છે.

બધા વર્ગોને થએલી બીજી બે અસર થઈ છે, એટલે:—

૧૧. **ઊંચી નીતિની અસર પ્રસરી છે.**—નામનાં ખ્રીસ્તી તેમજ મૂર્તિપૂજક દેશોમાં ઘણી બુંડાઈ ચાલેછે. પણ ફેર એટલો છે કે તે બીજા કરતાં ખ્રીસ્તીમાં દોષપાત્ર વધારે ઠરેછે. ઈંગ્લાંડમાં કોઈ માણસને જૂઠો કહેવો, એ એક મોટું અપમાન છે; હિંદુસ્તાનમાં ઘણા વર્ગોમાં તે વિષે કાંઈ નથી. થોડા વખત ઉપર એક પ્રસિદ્ધીમાં આવતા અંગ્રેજી રાજ્યદ્વારીને અનિતીના ગુનાને લીધે જાહેર નોકરીમાંથી બરતરફ થવું પડયું. ઈંગ્લાંડમાં કસબણો છે, પણ તેમને છોડવવાને તથા સુધારવાને ઘણા પ્રયત્નો કરવામાં આવેછે. કોઈ મૂર્તિપૂજક દેશમાં એવું થયું તે કોણે સાંભળ્યું? કોઈ ઘણો અનીતિવાન માણસ ભક્તિવાન હિંદુ બની શકે, પણ તે ખ્રીસ્તી કહી શકાય નહિ.

૧૨. **ધર્મ વિષે સારા સારા વિચારો ફેલાયા છે.**—જેટલો ફેર અંધારા અને અજવાળા વચ્ચે છે, તેટલો ફેર બાઈબલનો ઈશ્વર અને મૂર્તિપૂજકના દેવો વચ્ચે છે. “જેવા દેવ, તેવો પૂજારો,” મૂર્તિપૂજકના મંદિરમાં કાંઈ નીતિનો અથવા ધર્મનો બોધ થતો નથી; ખ્રીસ્તી દેવળમાં જે બધા હાજર હોયછે, તેમને એવી સમજાણ આપવામાં આવેછે, કે પવિત્ર જીંદગી કાઢો, અને તમારી આસપાસ જેઓ છે તેમનો લાભ શોધો.

હિંદુસ્તાનના લોક એમ ગણેછે કે બધા યુરોપીયનો ખ્રીસ્તી છે. પણ ઈસુ ખ્રીસ્ત તો માત્ર જેટલા તેના હુકમો માનેછે, તેટલાનેજ પોતાના શિષ્યો ગણેછે. ઘણાને તે છેલ્લે દિવસે કહેશે કે “ભુંડાઈના કરનારાઓ, તમે દૂર જાઓ; મેં તમને કદી ઓળખ્યા નહિ.” જો આવું ન હોય, તો ખ્રીસ્તીમુલકો હાલના કરતાં બહુ ઊંચે દરજ્જે ચડેલા હોય.

## ધર્મને માટે ખ્રીસ્તી મરનારાઓની અસર.

ઘણાં સૈકાં સુધી, ઘણા પ્રાચીન ફીલોસોફર સંપૂર્ણ જાણતા કે જ્યુપીટર અથવા જ્યુનો જેવા કોઈ પ્રાણીઓજ નથી; પણ તેઓના એવા મતથી લોકપ્રિય મૂર્તિપૂજાને કાંઈ અસર થઈ નહિ, કારણ કે તેઓ ઉપર ઉપરથી તેમાં સમ્મતી આપતા. મૂર્તિઓનું ભજન કરવા કરતાં, ખ્રીસ્તીઓએ પોતાના જીવ અર્પી દીધા, અને મૂર્તિપૂજાનો જલદીથી અંત આણ્યો. અસલના ફીલોસોફરોની પેઠે વર્તનારા હિંદુસ્તાનમાં કેળવણી પામેલા હિંદુઓ છે. જે મૂર્તિઓને તેઓ મનમાં ધિક્કારેછે, તેમની આગળ તેઓ ઊંધા પડેછે. બહાનું એવું કાઢેછે, કે તેઓ માત્ર તેમનાં અજ્ઞાન સગવહાલાંને ખુશી કરવાને એમ કરેછે. મૂર્તિપૂજક વેષ ધરીને, તેમાંના કેટલાક પોતાના નાસ્તિક

છુપાવેછે; પણ જે એક ઉત્પન્નકર્તાને કબૂલ કરેછે, તેને તો એમ લાગવું જોઇએ કે જે ભક્તિ તેને ઘટેછે, તે એક નિર્જીવ પત્થરાને ચઢાવવી, તે મોટું પાપ છે. વળી એ એક ઢોંગી કામ છે, જેને દરેક પ્રમાણિક માણસે દોષપાત્ર ઠરાવવું જોઇએ. વેડેમનું રાજ્ય એવા લોકો લંબાવેછે, અને એની મુંડાઇમાં વહાલા મિત્રો, અને સ્વદેશી ભાઇઓને ગુંથાવી નાંખેછે.

પેલા ખ્રીસ્તી ધર્મને લીધે મરનારાઓથી કેળવણી પામેલા હિંદુઓ કેટલા જૂદા પડેછે! હિંદુઓ, મૂર્તિપૂજાના અજ્ઞાન ટેકો આપનારાઓની સામા જરા પણ થવાને નારાજી છે; પણ ખ્રીસ્તીઓએ જેને ખોટું ગણ્યું, તેને તાબે થવા કરતાં ઘણી ક્રૂર સતાવણીઓ વેઠી. અસલના મરનારાઓનાં દુઃખ જલદી પૂરા થતાં, અને સુખનો અનંતકાળ તેમની આગળ આવતો; અને તેઓ અસંખ્ય પેઢીઓને આશીર્વાદરૂપ થયા. ત્યારે ડહાપણ કોણનું છે? જેઓ આવી રીતે મરીગયા તેઓનું? કે જે કેળવણી પામ્યા છતાં મૂર્તિપૂજાને સમ્મતી આપેછે તેઓનું?

## હિંદુસ્તાનમાં ખ્રીસ્તી ધર્મનો ફેલાવ.

યુરોપમાં હાલ જ્યુપીટર અથવા મોટા દેવો ડાયાનાનો એકે પૂજનારો નથી. હિંદુસ્તાનમાં પણ એવીજ રીતે વિષ્ણુ અને શિવનાં મંદિરનો ત્યાગ થશે. જેમાં સુવાર્તા પહેલવહેલાં પ્રગટ થઇ તે યુરોપમાં અને આજના હિંદુસ્તાનમાં વિશેષ મળતાપણું ઘણીખરી વાતોમાં જણાયછે. રૂમી રાજ્ય જેવી એકજ સરકારે પ્રજાઓનાં યુદ્ધ અટકાવી રાખ્યાં છે; નહિ તો મિશનેરીઓ જે સહેલાઇથી અને વારંવાર દેશદેશ આવજા કરેછે, તેવું બની શકે નહિ. આવી એકબીજા પ્રત્યે જાગૃત થએલી બહોળી લાગણી, તે જે સર્વત્ર આત્મિક રાજ્ય સ્થાપવાની આશા રખાતી હતી તેની તૈયારી ૧. રૂમના જાહેર રસ્તાઓએ ખ્રીસ્તી ઉપદેશકો ફરી કરતા હતા, અને એક આસેકઝાંડ્રીઆનું વહાણ અનાજ ભરીને રૂમ જવા નીકળ્યું હતું, તેમ પાઉલ પ્રેરિત ઉતારૂ હતો. વળી તે સમયે ભૂમધ્ય સમુદ્રના કિનારાના બધા દેશોમાં ગ્રીક ભાષા થોડી ઘણી બોલાતી હતી.

ખ્રીસ્તી ધર્મનો ફેલાવ કરવાની રૂમી બાદશાહોને કાંઇ ઇચ્છા નહોતી. કોન્સટનટાઇનના વખત સુધી ઉલટા તેઓ તેનો અટકાવ કરવાને યત્ન કરતા હતા. એવીજ રીતે અંગ્રેજ સરકાર પણ કાંઇ એવો ઇરાદો રાખ્યા વગર હિંદુસ્તાનમાં સુવાર્તાનો માર્ગ તૈયાર કરેછે પેહેલાં તો જૂદા જૂદા રાજ્યોથી દેશના વિભાગ થઇ ગયા હતા, તેઓ એક બીજા સાથે લડાઇ ચલાવતા હતા, અને છુટા વ્યવહારને અટકાવતા હતા. હવે તો સર્વ હીમાલયથી તે કન્યાકુમારી સુધી કાંઇ પણ અડચણ વિના મુસાફરી કરી શકે સડક, રેલવે, અને આગબોટથી આમ તેમ ફરવાની એવી સુગમતા થઇ છે કે જે પેહેલાં હતી નહિ. અંગ્રેજી ભાષા હાલ જૂદી જૂદી જાતના કેળવણી પામેલા પુરૂષોને એકત્ર થવાને ઉત્તેજન આપેછે. હિંદુસ્તાન જ્ઞાતિભેદનું એક મોટું સ્થાન છે, તેથી જૂદી જૂદી જાતના નાના નાના વિભાગ થઇગયા છે, અને તેઓ એક બીજા સાથે ઇર્ષાની નજરથી જુવેછે. "માણસના ભાઇપણા" વિષેના વિચારો ધીમે ધીમે ફેલાયછે, અને એવો વખત જલદીથી આવશે, કે જ્યારે સર્વ ખ્રીસ્તમાં એક શરીર થઇજશે. જેમ જુલીયને ખ્રીસ્તી ધર્મની સામે થવાને, યુરોપની મૂર્તિપૂજા સ્થાપન કરવાનો યત્ન કર્યો, તેમ "નવા નવા હિંદુધર્મ" ઘડી કાઢવાને હિંદુસ્તાનમાં પ્રયત્ન કરવામા આવેછે; પણ તેનું પરિણામ બન્ને બાબતોમાં સરખુંજ થવાનું; હજુ હિંદુસ્થાન પોતાની મૂર્તિઓ નાંખીદેશે, અને એકજ ખરા દેવનું ભજન કરશે, જે એવી હિલચાલને મદદ આપેછે, તેઓને ધન્ય છે, અને જેઓ તેની વિરૂદ્ધ થાયછે, તેઓને અફસોસ છે.

સમાપ્ત.

